RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 280, Dt.13-2-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ડિજિટલ સહિતની પ્રોપર્ટી 'કેપિટલ એસેટસ' ગણાશે

## નવુ આવકવેરા બિલ પેશ:ક્રિપ્ટો સહિતની વર્ચ્યુઅલ ડિજિટલ પ્રોપર્ટી પર ફોકસ: વેતન સંલગ્ન ડીડકશન એક જ સેકશનમાં રખાયા: કોઈપણ ટેકસમાં બદલાવ નથી; બિનઉપયોગી જોગવાઈ રદ્દ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં કરમાળખાને અત્યંત સરળ અને સ્પષ્ટ બનાવવાનાં ઉદેશ સાથે નવો આવકવેરા કાયદો તૈયાર કરાયો છે. આ નવુ ઈન્કમટેક્સ બીલ આજે સંસદમાં રજુ કરવામાં આવ્યું હતું વેતન સાથે જોડાયેલા ડીડકશનને એક જ સેકશનમાં રાખવામાં આવ્યા છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન દ્વારા નવુ ઈન્કમટેક્સ બીલ લોકસભામાં પેશ કરવામાં આવ્યું હતું. કાયદાને સરળ-સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે. એક નિયમની બાબતો અલગ-અલગ સેકશનમાં હતી તે એક વિભાગમાં મુકવામાં આવી છે. આકારણી વર્ષ અને નાણાંકીય વર્ષની અસમંજસ દુર કરવા માટે નવુ ટેકસવર્ષ સુચવવામાં આવ્યું છે.



ટેકસની ચુકવણીમાં બદલાવની કોઈ વાત નથી.કેપીટલ ગેઈન કે અન્ય કોઈપણ ટેકસ રેટમાં ફેરફાર નથી. સ્ટાર્ન્ડડ ડીડકશન, ગ્રેચ્યુટી, લીવ એન કેશમેન્ટ સહિત પગાર સાથે જોડાયેલા ડીડકશનને એક જ સેકશનમાં રાખી દેવાયા છે. જે વર્તમાન કાયદામાં અલગ-અલગ વિભાગમાં રખાયા હતા. કુલ આવકથી અલગ પ્રકારની કમાણીને શિડયુલમાં રાખવામાં આવી છે. ટીડીએસ, પ્રિઝન્ટીવ ટેકસેશન પસાર તથા ડીડકશનની જોગવાઈઓ સાથે ટેબલ્સ પણ આપવામાં આવ્યા છે.નવા કાયદામાં ક્રિપ્ટો સહીત વર્ચ્યુઅલ ડીજીટલ એસેટસ પર ફોકસ રાખવામાં આવ્યુ છે. રોકડ, સોના-ચાંદી, જવેલરી સહિત અઘોષિત સંપતિ પકડવા માટેના સર્ચ ઓપરેશનમાં વર્ચ્યુઅલ ડીજીટલ એસેટસમાં લેવડદેવડની જોગવાઈ પણ કરવામાં આવી છે. બીલમાં ૪૭ વખત નડીજીટલથ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આવકવેરામાં પ્રવર્તમાન કાયદામાં ૨૯૮ સેકશન સામે નવા બીલમાં ૫૩૬ છે.વર્તમાન કાયદામાં ૧૪ શિડયુલ છે તે નવામાં ૧૬ થશે.ચેપ્ટરની સંખ્યા ૨૩ જ છે. જયારે વર્તમાન કાયદો ૮૮૦ પાનાનો છે તે નવો ૬૨૨ પાનાનો રહેશે.

કેપિટલ એસેટના કાયદામાં કરદાતા પાસે મૌજુદ કોઈપણ પ્રોપર્ટીનો સમાવેશ થઈ જશે ભલે તે બિઝનેસ કે પ્રોફેશન સંબંધીત ન હોય ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ પૂર્વે જારી થયેલી યુનિટ લીંકડ ઈુસ્યોરન્સ પોલીસી પણ આવી જશે જવેલરી પણ તેના દાયરામાં છે. બીલમાં કરદાતા માટે ચાર્ટરની વાત પણ છે જેમાં તેઓનાં અધિકારી તથા જવાબદારીની સ્પષ્ટતા છે. બીન ઉપયોગી જોગવાઈઓને હટાવી લેવામાં આવી છે.કર્મચારી સ્ટોક ઓપ્શન સંલગ્ન જોગવાઈઓ સરળ બનાવવામાં આવ્યા છે.

## રાષ્ટ્રીયકૃત બેંકોએ વ્યાજદર ઘટાડતા લોનધારકોને રાહત

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજદરમાં ઘટાડાયો કરાયા બાદ હવે બેંકોએ હોમલોન સહિતના વ્યાજદરમાં ઘટાડાનો પ્રારંભ કર્યો છે અને દેશની છ મોટી બેન્કોએ આરબીઆઈની મોનેટરી પોલીસી મુજબ ગ્રાહકો માટેના વ્યાજદર ઘટાડાયા છે. જેમાં કેનેરા બેંક, પંજાબ નેશનલ બેંક, યુનીયન બેંક, બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડાનો સમાવેશ થાય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ અગાઉ જ તેના પ્રાઈમ લેન્ડીંગ રેટમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યો છે. કેનેરા બેંક દ્વારા તેના મહતમ વ્યાજદર ૯.૨૫ ટકામાંથી ઘટાડી ૯ ટકા કરાયો છે જે તા.૧૨થી લાગુ થઈ ગયો છે. બેંક ઓફ બરોડાએ પણ તેનો મહતમ લેન્ડીંગ રેટ ૮.૯૦ ટકા કર્યો છે. બેંક ઓફ ઈન્ડિયાએ ૯.૩૫માંથી ૯.૧૦ ટકા, યુનીયન બેંકે ૯.૨૫ થી ૯.૦૦ ટકા અને આઈઓબી દ્વારા ૯.૩૫માંથી ૯.૧૦ ટકાનો દર કરાયો છે. હવે જે લોકોએ ફલોટીંગ રેટથી લોન લીધી છે તેઓને હાઉસીંગ સહિતની લોનમા આ ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો લાગુ થઈ જશે અને તે રીતે તેના ઈએમઆઈ વગેરે ઘટશે. જેના કારણે લોનધારકોને રાહત થશે.

## આજે લોકસભાની ચૂંટણીઓ યોજાય તો NDAને ૩૪૩ બેઠકો મળે : સર્વેમાં બહાર આવી વિગતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હી ચૂંટણી દંગલનો અંત આવ્યો. ૨૭ વર્ષ પછી ભાજપની વાપસી થઈ. દિલ્હીએ બતાવ્યું છે કે કોંગ્રેસ હજુ પણ નબળી છે પણ ભાજપ મજબૂત છે. હવે બધાની નજર બિહાર પર છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે જો આજે લોકસભાની ચૂંટણીઓ યોજાય તો શું થશે? શું કોંગ્રેસનું પ્રદર્શન સુધરશે, શું ગઉઅ બહુમતીના આંકડાને પાર કરી શકશે, શું ઈઉંઙના નેતળત્વમાં ફઝખ કેન્દ્રમાં સરકાર બનાવી શકશે? દેશના લોકોએ આનો જવાબ આપી દીધો છે. હા, જો આજે લોકસભાની ચૂંટણી થાય તો ભાજપ ફરીથી સરકાર બનાવશે. કોંગ્રેસ ફરીથી સત્તામાં આવવા માટે ઉત્સુક રહેશે.



ખરેખર, ઈન્ડિયા ટુડે-સી વોટરે એક ઓપિનિયન પોલ હાથ ધર્યો છે. તેને મૂડ ઓફ ધ નેશન નામ આપવામાં આવ્યું છે. આ સર્વે દ્વારા તેમણે દેશના લોકોનો મૂડ જાણવાનો પ્રયાસ કર્યો છે. આ સર્વે મુજબ, લોકોને હજુ પણ મોદી સરકારમાં વિશ્વાસ છે. આ જ કારણ છે કે સર્વેના પરિણામો ભાજપની તરફેણમાં આવ્યા છે.

જો આજે લોકસભાની ચૂંટણી યોજાય તો ભાજપના નેતળત્વ હેઠળના ગઉઅને ૩૪૩ બેઠકો મળવાની શકયતા છે, જેમાં ભાજપ પોતાના દમ પર બહુમતી મેળવી રહી હોય તેવું લાગે છે. આ આંકડા ઈન્ડિયા ટુડે અને સી વોટર દ્વારા કરવામાં આવેલા મૂડ ઓફ ધ નેશન સર્વેમાંથી બહાર આવ્યા છે.

મૂડ ઓફ ધ નેશન સર્વે મુજબ, જો આજે ચૂંટણી યોજાય તો કોંગ્રેસના નેતળત્વ હેઠળના ઈન્ડિયા બ્લોકને મોટો ઝટકો લાગી શકે છે. ૨૦૨૪માં ૨૩૨ બેઠકો જીતનાર ઈન્ડિયા બ્લોકની બેઠકો આ વખતે નોંધપાત્ર રીતે ઘટી શકે છે. જો સર્વે પર વિશ્વાસ કરવામાં આવે તો, જો આજે ચૂંટણીઓ યોજાય તો ઈન્ડિયા બ્લોક ૧૮૮ સુધી સંકોચાઈ શકે છે.

ઈન્ડિયા ટુડે અને સી વોટર દ્વારા ૨ જાન્યુઆરીથી ૯ ફેબ્રુઆરી દરમિયાન મૂડ ઓફ ધ નેશન સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં તમામ લોકસભા મતવિસ્તારોમાંથી ૧,૨૫,૧૨૩ લોકોએ ભાગ લીધો હતો. આ સર્વેક્ષણમાં ઘણા લોકોના ઈન્ટરવ્યુ અને લાંબા સમય સુધી ટ્રેક કરાયેલા ડેટાનો પણ સમાવેશ થાય છે.

## કાશ્મીર સરહદે પાકનો ગોળીબાર : ભારતનો આકરો પ્રહાર

### ભારતીય જવાનોએ એક પાક સૈનિકને ઠાર માર્યો; અનેક ચોકીઓનો ખુરદો બોલાવી દીધો

**મુખ્ય સમાચાર,શ્રીનગર**

પાકિસ્તાની સરહદે વાસ્તવિક અંકુશ રેખા નજીક વિસ્ફોટમાં બે ભારતીય જવાનો શહીદ થયાના ઘટનાના તીવ્ર પ્રત્યાઘાતો વચ્ચે પાકિસ્તાની જવાનોએ ભારતીય સૈન્ય ચોકીઓ પર ગોળીબાર કરતા સનસનાટી મચી છે. બન્ને દેશો વચ્ચે ફરી તનાવ સર્જાવાની ભીતિ છે. ભારતીય સૈનિકોએ પણ વળતો જવાબ આપીને એક પાક જવાનને ઠાર કરી દીધો હતો.



જમ્મુ-કાશ્મીરના પૂંછના બાલાકોટ સેકટરમાં કરકુંડી અંકુશરેખા પર પાકિસ્તાની સૈન્ય દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૨થી૧૫ મીનીટ સુધી પાકિસ્તાની સૈનિકોએ ભારતીય ચોકીઓ પર ગોળી વરસાવી હતી. આ તકે એલર્ટ ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો અને તેમાં એક પાકિસ્તાની સૈનિક ઠાર થયાના અહેવાલ છે.

પાક સૈન્ય દ્વારા ગોળીબાર ઉપરાંત સ્નાઈપર હુમલો પણ કરવામાં આવ્યો હતો. ભારતના વળતા પ્રહારમાં પાકિસ્તાનની અનેક ચોકીઓનો ખુરદો બોલી ગયો હતો. આ દરમ્યાન સૂરંગ ફાટતા એક જવાન ઘાયલ પણ થયો હતો.

ભારત-પાકિસ્તાન વચ્ચે કાશ્મીર સરહદે લાંબાવખતથી શાંતિ પ્રવર્તતી હતી તે દરમ્યાન આ ઘટનાથી ફરી તણાવની સ્થિતિ સર્જાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

બે દિવસ પુર્વે કાશ્મીરમાં જ વાસ્તવિક અંકુશરેખાએ વિસ્ફોટ થયો હતો અને તેમાં બે ભારતીય જવાન શહીદ થયા હતા. એકને ઈજા થઈ હતી. આ ઘટના બાદ ગોળીબારના બનાવથી સરકાર પણ ચોંકી છે.

## મહાકુંભમાં ડુબકી મારનાર ભક્તોની સંખ્યા ૫૦ કરોડને પાર થશે

### મહાશિવરાત્રી પર રેકોર્ડ તૂટશે: પવિત્ર ત્રિવેણીમાં અમૃત પીવાની ઈચ્છા સાથે આવતા ભક્તોની સંખ્યામાં નજીકના ભવિષ્યમાં ઘટાડો થવાની અપેક્ષા નથી

**મુખ્ય સમાચાર,પ્રયાગરાજ**

પવિત્ર ત્રિવેણીમાં અમળત પીવાની ઈચ્છા સાથે આવતા ભક્તોની સંખ્યામાં નજીકના ભવિષ્યમાં ઘટાડો થવાની અપેક્ષા નથી. આગામી ત્રણ અઠવાડિયા સુધી ટ્રેનો અને ફ્લાઇટ્સમાં જગ્યા નથી. મહાકુંભના સમાપન માટે હજુ ૧૩ દિવસ અને એક તાાન મહોત્સવ બાકી છે.

આવી સ્થિતિમાં, માઘી પૂર્ણિમાના તાાન પછી પણ ભક્તોની સંખ્યામાં ઘટાડો નહીં થાય તેવી અપેક્ષા છે. બુધવારે માઘી પૂર્ણિમાના દિવસે, લગભગ ૨ કરોડ ૪ લાખ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી. આ સાથે કુલ સંખ્યા ૪૮.૨૯ કરોડ પર પહોંચી ગઈ છે.

ગુરુવારે આ આંકડો ૫૦ કરોડ રૂપિયાને પાર કરી શકે છે. પવિત્ર સંગમમાં ભક્તિ અને શ્રદ્ધાથી ભરપૂર સંતો, ભક્તો, કલ્પવાસીઓ, તાાન કરનારાઓ અને ગળહસ્થોનું તાાન હવે ખૂબ જ ઊંચાઈએ પહોંચ્યું છે. સરકારે ૪૫ કરોડ ભક્તોના આગમનનો અંદાજ લગાવ્યો હતો, પરંતુ આવનારા ભક્તોની સંખ્યા આના કરતા ઘણી વધારે છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પહેલાથી જ આગાહી કરી હતી કે આ વખતે ભવ્ય અને દિવ્ય મહાકુંભમાં ભક્તોની રેકોર્ડ સંખ્યા ઉમટશે. મંગળવારે સવારે ૮ વાગ્યા સુધીમાં, મહાકુંભમાં તાાન કરનારાઓની સંખ્યા ૪૫ કરોડને વટાવી ગઈ હતી. મહાશિવરાત્રીનો તાાન મહોત્સવ હજુ બાકી છે, જેમાં એક કરોડથી વધુ ભક્તો તાાન કરે તેવી અપેક્ષા છે.

મહાશિવરાત્રી સિવાય મહાકુંભમાં ૧૩ દિવસ બાકી છે. આ સમયગાળા દરમિયાન છ થી સાત કરોડ ભક્તો આવવાની અપેક્ષા છે. ત્રણ અમળત તાાન (મકરસંક્રાંતિ, મૌની અમાવસ્યા અને વસંત પંચમી) પછી પણ, ભક્તો અને તાાન કરનારાઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો થતો નથી.



મૌની અમાવસ્યા પર સૌથી વધુ આઠ કરોડ ભક્તોએ તાાન કર્યું. મકરસંક્રાંતિ પર ૩.૫ કરોડ ભક્તોએ અમળત તાાન કર્યું. આ ઉપરાંત, ૩૦ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના રોજ બે કરોડથી વધુ ભક્તોએ પવિત્ર તાાન કર્યું હતું અને પોષ પૂર્ણિમાના દિવસે ૧.૭ કરોડ ભક્તોએ પવિત્ર તાાન કર્યું હતું. વસંત પંચમી પર ૨.૫૭ કરોડ ભક્તોએ તાાન કર્યું.

મહાકુંભ નગરી. એક સમયે આખી પાકિસ્તાની ટીમને એકલા હાથે આઉટ કરનાર અનિલ કુંબલે બુધવારે તંબુઓના શહેરમાં પહોંચી ગયો. તેમણે માઘી પૂર્ણિમાના દિવસે પવિત્ર ત્રિવેણીમાં આધ્યાત્મિક ડૂબકી લગાવી. આ આધ્યાત્મિક યાત્રામાં તેમની પત્ની ચેતના રામતીર્થ પણ તેમની સાથે હતી.કાળી શેરવાની પહેરીને તાાન કરવા પહોંચેલા કુંબલેએ સંગમમાં તાાન કર્યા પછી પોતાના ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા.

## ટ્રાઈનો ટેલિકોમ કંપનીઓ પર સકંજો : સ્પામ કોલ્સ અને મેસેજ પર લાગશે ૧૦ લાખ સુધીનો દંડ

**મુખ્ય સમાચાર,મુંબઈ**




લોકોને હેરાન પરેશાન કરતા ફોન કોલ્સ અને અનિચ્છનીય સંદેશાઓ પરના નિયમોનું ઉલ્લંઘન અને આવા કિસ્સામા સ્પામના ખોટા નંબરની જાણકારી દેનાર ટેલિકોમ કંપનીઓ પર ૨ થી ૧૦ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈએ આ મામલે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ પર કડકાઈ કરી છે. રેગ્યુલેટરે તમામ ટેલિકોમ ઓપરેટરોને રીઅલ ટાઈમમાં સંભવિત સ્પામર્સની ઓળખ કરવાનો આદેશ આપ્યો હતો. ઝછઅઈ એ અસામાન્ય રીતે ઉચ્ચ કોલ વોલ્યુમ, ટૂંકી કોલ અવધિ અને ઈનકમિંગ અને આઉટગોઈંગ કોલ રેશિયો જેવા પરિમાણો પર કોલ અને જખજ પેટર્નનું વિશ્લેષણ કરવાનો આદેશ આપ્યો છે. ટેલિકોમ કોમર્શિયલ કોમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરન્સ રેગ્યુલેશનમાં સુધારા સાથે દંડની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, સ્પામ કોલના નંબર વિશે ખોટી માહિતી આપવા બદલ, પ્રથમ ઉલ્લંઘન માટે ૨ લાખ રૂપિયા, બીજા ઉલ્લંઘન માટે ૫ લાખ રૂપિયા અને પછીના ઉલ્લંઘન માટે ૧૦ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે.સ્પામ કોલ્સ અંગે ટ્રાઈએ કહ્યું છે કે, મોબાઈલ ફોન ધારકો હવે સાત દિવસની અંદર અનિચ્છનીય કોલ અને મેસેજની ફરિયાદ કરી શકે છે, જ્યારે પહેલા આ સમય મર્યાદા ત્રણ દિવસની હતી. આ સિવાય ફોન ધારકોને હવે ડુ નોટ ડિસ્ટર્બ એટલે કે ઉગઉ હેઠળ નોંધણી કરાવવાની જરૂર નથી.

## SC-STના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ન મળતા ABVPનું ઉગ્ર આંદોલન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાના નિર્ણય અને લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પુન: ચાલુ કરવાની માગ સાથે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રાજકોટ, સુરત, વડોદરા સહિત અનેક જગ્યાએ અઈટઙ દ્વારા જઈ-જઝના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ન મળતા વિરોધ નોંધવવામાં આવી રહ્યો છે. ભાજપની વિદ્યાર્થી પાંખ દ્વારા રોડ-રસ્તા ચક્કાજામ કરી, પૂંતળું બાળી, સુત્રોચ્ચાર કરી સરકારનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓને વિરોધ નોંધાવતા અટકાવતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

ભારત સરકારની વર્ષ ૨૦૧૦થી લાગુ થયેલી આ યોજનાની માર્ગદર્શિકા અનુસાર આદિવાસી સમાજનાં બાળકોને પેઈડ અને ફ્રી સીટ ઉપર પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ મળવાપાત્ર હતી. પરંતુ, આદિજાતિ બાબતોનું મંત્રાલય, ભારત સરકારની વર્ષ ૨૦૨૨થી નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. તેના અનુસંધાને રાજ્યોને સમયાંતરે સૂચનાઓ પણ આવી છે. નવી સૂચનાઓ મુજબ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો ઉદ્દેશ્ય અનુસૂચિત જનજાતિઓના તેજસ્વી તેમજ ગરીબ બાળકોને ઉચ્ચ શિક્ષણ મળે તેવો હોવો જોઈએ, મેનેજમેન્ટ ક્વોટામાં એટલે કે પેઈડ સીટ ઉપર પ્રવેશ મેળવે તો તે માટે શિષ્યવૃત્તિ નહીં આપવાનો નિર્ણય કર્યો છે.



(તસ્વીર: આનંદ જાવિયા)

એબીવીપીનું કહેવું છે કે, મેનેજમેન્ટ ક્વોટા પરની બેઠકોમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને પણ સરકારી બેઠકો પર પ્રવેશ લેનારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જેમ સ્કોલરશિપ મળતી હતી પરંતુ વર્તમાન શૈક્ષણિક વર્ષ દરમિયાન સ્કોલરશિપ મળશે તેવી અપેક્ષા રાખીને મેનેજમેન્ટ કવોટામાં અનુસૂચિત જનજાતિના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો અને હવે તેમને સ્કોલરશિપ નહીં આપવાનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેના કારણે આવી બેઠકો પર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મૂકાયા છે. ઘણા વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવે છે.સ્કોલરશિપ નહીં મળે તો તેઓ આગળ અભ્યાસ કરી શકે તેવી સ્થિતિમાં નથી. આમ સરકાર ૨૦૨૪-૨૫ વર્ષ માટે સ્કોલરશિપ નહીં આપવાના નિર્ણયને પાછો ખેંચે.

# મોરબીમાં મિશન નવભારતના મોરબી જીલ્લા અધ્યક્ષ તરીકે રામભાઈ જીલરીયાની નિમણૂક

■ પ્રદેશ અધ્યક્ષ ભાનુભાઈ મેર સહિત આગેવાનો દ્વારા અભિનંદન વર્ષા



**મુખ્ય સમાચાર,મોરબી**

મિશન નવભારત (ગુજરાત) ના મોરબી જીલ્લા અધ્યક્ષ તરીકે રામભાઈ જીલરીયાની વરણી કરવામાં આવી છે. તેમની નિમણૂકને લઈને મિશન નવભારતના પ્રદેશ અધ્યક્ષ ભાનુભાઈ મેર તથા અન્ય આગેવાનો દ્વારા તેમને હર્ષભેર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

મિશન નવભારત (ગુજરાત) સંસ્થાના મોરબી જીલ્લા અધ્યક્ષ તરીકે રામભાઈ જીલરીયાની વરણી કરવામાં આવતા મોરબી જીલ્લામાં હર્ષનું મોજું ફેલાયું છે. સંગઠનના પ્રદેશ અધ્યક્ષ ભાનુભાઈ મેર સહિત અનેક આગેવાનો અને સમર્થકો દ્વારા તેમને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

આ અવસરે મિશન નવભારતના સ્થાનિક અને પ્રદેશ સ્તરના આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો દ્વારા રામભાઈ જીલરીયાને અભિનંદન પાઠવી તેમના આવનારા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર દ્વારા સૌરાષ્ટ્ર સમુદ્ર મંથન નૌકાયન નું આયોજન







જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર દ્વારા નસ્ત્રસૌરાષ્ટ્ર સમુદ્ર મંથન નૌકાયનસ્ત્રસ્ત્ર નું આયોજનજામનગર ૧૨-૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન પોરબંદરથી દીવ સુધી ૪ (ચાર) ગુજરાત નેવલ યુનિટ એનસીસી દ્વારા સૌરાષ્ટ્ર સમુદ્ર મંથન (ખઊગત્ર- ખજ્ઞાતઊિક્ષચિંિશિતશક્ષલ ગફદ્દહ ત્રક્ષશર્િ ૨૦૨૫) નૌકાયન અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સાહસિક સમુદ્રી સફરમાં ગુજરાત ડાયરેક્ટરેટના તમામ નેવલ યુનિટના ૭૫ સિનિયર વિભાગના કેડેટ્સ (૪૫ યુવકો + ૩૦ યુવતીઓ) ભાગ લઈ રહ્યા છે તેઓ કુલ ૨૨૦ કિમીનું દરિયાઈ અંતર નૌકામાં કાપશે. કેમ્પ કમાન્ડન્ટ લેફ્ટનન્ટ કમાન્ડર સૌરભ અવસ્થીએ ગુજરાતમાં નેવલ એનસીસીની વિસ્તૃત પ્રવૃત્તિઓ વિશે સંક્ષિપ્તમાં માહિતી આપીને આ કાર્યક્રમની શરૂઆત કરી હતી. તેમણે ગઈઈ કેડેટ્સની વિવિધ સિદ્ધિઓ અને તાજેતરમાં કેન્દ્ર અને રાજ્ય બંને સ્તરે તેઓને એનાયત થયેલા પુરસ્કારોનો પણ ઉલ્લેખ કર્યો હતો.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ પોરબંદર જેટીથી નૌકા અભિયાનને ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું, રીઅર એડમિરલ સતીશ વાસુદેવ (નૌસેના મેડલ) , ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ ગુજરાત નેવલ એરિયા, જેઓ આ પ્રસંગે મુખ્ય મહેમાન હતા. આ પ્રેરક અને કેડેટ્સને ઉત્સાહિત કરતા કાર્યક્રમમાં ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડના અધિકારીઓ, નૌકાદળના જહાજોના કમાન્ડિંગ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમના સંબોધન દરમિયાન, મુખ્ય અતિથિએ પ્રેક્ષકોને ગુજરાતના દરિયાકાંઠા અને ભારતના પ્રાચીન દરિયાઇ ઇતિહાસમાં તેના મહત્વ વિશે રસપ્રદ માહિતી આપી હતી. તેમણે કેડેટ્સને દરિયાકાંઠાને સુરક્ષિત રાખવામાં ભારતીય નૌકાદળ અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા ભજવવામાં આવતી ભૂમિકા વિશે પણ માહિતગાર કર્યા હતા તેમજ તેમને દરિયાઈ અભિયાનમાં સક્રિય રસ લેવા અને નાવિક તરીકેની રોમાંચક અને સાહસિક જીવન શૈલીનો અનુભવ કરવા તથા કારકિર્દીના વિકલ્પ તરીકે સશસ્ત્ર દળોને પસંદ કરવા માટે પણ પ્રેરિત કર્યા હતા.

# રાજકોટમાં રેસકોર્સ મેદાનમાં ચકરડી અને ચા-પાનની કેબિનના તાળા તૂટ્યા

## રોકડ રકમ અને બેટરી સહિત રૂ. ૬૦૫૦ ની મત્તા ઉઠાવી જનાર લારી સંચાલક મહિલાના પુત્રની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેસકોર્સ મેદાનમાં બહુમાળી સામે ચકરડી તથા ચા પાનની કેબિન સહિત ચાર કેબિનના તાળા તોડી રાત્રિના તસ્કરો અહીંથી બેટરી તેમજ રોકડ રકમ સહિત કુલ રૂપિયા ચોરી કરી ગયા અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.ચોરીના આ બનાવને લઈ પ્ર.નગર પોલીસે અહીં જ મકાઈની લારી ધરાવનાર મહિલાના પુત્રને ઝડપી લઈ બનાવનો ભેદ ઉકલી નાંખ્યો હતો. આરોપી પાસેથી પોલીસે રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ બનાવ અંગે ધવલભાઈ કુલુભાઈ ધોળકિયા (ઉ.વ ૨૬ રહે. મોચી નગર ૨, શીતલ પાર્કની બાજુમાં) દ્વારા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રેસકોર્સ મેદાનમાં બહુમાળી ભવન સર્કલથી અંદર મેળામાં ચકરડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈ તા. ૧૦/૨ નવરાત્રીના ૧૨:૩૦ વાગ્યે રેકડી બંધ કરી ઘરે જતા રહ્યા બાદ બીજા દિવસે સવારના ૧૦:૩૦ વાગ્યે તે ઘરે હતો ત્યારે કિશન તુલસીભાઈ તૈલીનો ફોન આવ્યો હતો કે તમારી રેસકોર્સ ગ્રાઉન્ડમાં આવેલી ચકરડીના કેબીનના તાળા તૂટેલા છે અને ચોરી થઈ હોય તેવું લાગે છે. જેથી તે તુરંત અહીં રેસકોર્સ ખાતે પહોંચ્યો હતો. અહીં આવી જોતા એક બેટરી જોવા મળી ન હતી તેમજ બાજુવાળા ચેતનભાઈ રાઠોડ કે જેમની બાજુમાં જ પાનની કેબીન આવેલી હોય તેમણે જણાવ્યું હતું કે મારી કેબિનનું પણ તાળું તૂટેલું હતું અને ટેબલના ખાનામાં રાખેલ પરચુરણ રકમ રૂ.૧૨૫૦ ની ચોરી થઈ ગઈ છે તથા ચાની લારીવાળા ભરત જીવણદાસ સરપદડીયાએ જણાવ્યું હતું કે તે સવારે લારી આવતા માલુમ પડ્યું હતું કેસ્ટીલના ડબ્બામાં રાખેલ રૂપિયા ૧૫૦૦ ની ચોરી થઈ ગઈ છે. અહીં રેસ્ટોર્સમાં હરી નટુભાઈ ફુગા શૂટિંગ વાળાએ જણાવ્યું હતું કે અમારી રેકડીના ખાનામાં રહેલ રોકડ રૂપિયા ૧૩૦૦ આસપાસનું પરચુરણ ચોરી થઈ ગયું હતું. આમ રાત્રિના રેસકોર્સ મેદાનમાં ચકરડી પાનની દુકાન ચાની દુકાન સહિતના ટેબલના ખાના તોડી તસ્કરો કુલ રૂપિયા ૬૦૫૦ ની મત્તાની ચોરી કરી ગયા હતા. જે અંગે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્ર.નગર પોલીસ મથક માં પીઆઈ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઈ આઈ.એ. બેલીમ તથા ટીમે તપાસ હાથ કરણ દિનેશભાઈ જીંજુવાડીયા(ઉ.વ ૨૨ રહે. સદર બજાર) ને ઝડપી લઈ ગણતરીની કલાકોમાં ચોરીના આ બનાવનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી કરણની માતા અહીં જ રેસકોર્સ મેદાનમાં મકાઈની લારી રાખતી હોય જેથી કરણ અહીં આવતો જતો હતો.જેથી તેણે રાત્રીના આ ચોરીના બનાવને અંજામ આપ્યો હતો.

# મોરબીના વીસીપરા વિસ્તારમાં પાડોશી મહિલાઓ વચ્ચેની સામાન્ય બોલાચાલીમાં મોટી બબાલ,સામસામી ફરિયાદ નોંધાઈ

## છરી, ધોકા, ઢીકાપાટુની મારમારીમાં બંને પક્ષના કુલ સાત લોકો થયા ઘાયલ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં પાડોશી મહિલાઓ વચ્ચે કોઈ કારણોસર સામાન્ય બોલાચાલી ઝઘડો થયો હોય જે બાબતે બંને પક્ષો દ્વારા સમાધાન માટે સમજાવવા ભેગા થયા હતા, ત્યારે વધુ ઉગ્ર બોલાચાલીમાં વાત વણસી હતી અને બંને પક્ષો દ્વારા મારામારી શરૂ થઈ હતી ત્યારે સામ સામી મારા મારીમાં છરી, ધોકા તથા ઢીકાપાટુ દ્વારા બંને પક્ષોના સાત જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોચતા સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી, ત્યારે બી ડિવિઝન પોલીસે બંને પક્ષોની ફરિયાદને આધારે કુલ નવ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ પરિમલ સ્કૂલની બાજુમાં રહેતા અશોકભાઈ ઉર્ફે બાબો દિનેશભાઈ બાબરીયા ઉવ.૧૯ એ બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રાહુલભાઈ ભુપતભાઈ, વિનોદભાઈ વડલખીયા, રવિભાઈ ચંદુભાઈ, વિરુ ખવાસ તથા અજાણ્યા બે ઈસમો તમામ રહે. મોરબીવાળા એમ કુલ ૬ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી કે પડોશમાં રહેતા ફાઈબાની દીકરી સાથે આરોપી વિનોદભાઈની પત્નીને બોલાચાલી ઝઘડો થયો હોય તેનો ખાર રાખી ઉપરોક્ત આરોપી રાહુલભાઈ, વિનોદભાઈ અને રવિભાઈ ફરિયાદી અશોકભાઈની ઘરે આવી તેમના પિતા તથા ભાઈ સાથે ત્રણેય આરોપીઓએ બોલાચાલી કરી ગાળો આપી ઝગડો કરતા હોઈ જે ને સમજાવવા જતા આરોપીઓ ઉશ્કેરાય જઈ અશોકભાઈ તથા તેમના બહેન સંજનાબેનને ઢીકાપાટુનો માર મારેલ અને બાદ પડોશમાં રહેતા વેલજીભાઈ અને વિજયભાઈ વચ્ચે પડી છોડાવતા આરોપીઓ જતા રહેલ અને થોડીવાર બાદ આરોપી રાહુલ તેની સાથે અન્ય ત્રણ આરોપીઓ બાઈક લઈને આવીને ફરીયાદી તથા વેલજીભાઈ તથા વિજયભાઈને છરી તથા ધોકાના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી, ગાળોબોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા. બાદ ઈજાગ્રસ્ત ફરિયાદી સહિત ચારેય લોકોએ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જ્યારે સામાપક્ષે નોંધાવેલ વળતી ફરિયાદની મળતી વિગતો અનુસાર, ફરિયાદી રવિભાઈ ચંદુભાઈ વડેલખીયાએ આરોપી વિમાલભાઈ દિનેશભાઈ બાબરીયા, અશોકભાઈ દિનેશભાઈ બાબરીયા તથા શૈલેષભાઈ બાબરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યા મુજબ, ફરીયાદી રવિભાઈ તથા રાહુલ ભુપતભાઈ ડુમાણીયા અને તેનો મિત્ર ત્રણેય જણા તેના કાકી દક્ષાબેનને તેના પાડોશી સાથે બોલાચાલી થયેલ જે બાબતે સમજાવા જતા બોલાચાલી ઉગ્ર થતા ઉપરોક્ત ત્રણેય આરોપી આવી ગયેલ અને લાકડાના ધોકા તથા ઢીકાપાટુ વડે આડેધડ માર મારી ફરિયાદીને પગમાં ફ્રેકચર તથા સાથેના બંનેને મૂંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી હતી ત્યારે ફરિયાદી સહિત ત્રણેય લોકોએ મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

હાલ સીટી બી ડિવિઝન પોલીસે બંને પક્ષોની ફરિયાદને લઈને કુલ નવ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાનાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# યુવકને આપઘાતની ફરજ પાડવાના ગુનામાં પત્નીના પ્રેમીને જામીન મુક્ત કરતી કોર્ટ

■ પત્નીના ત્રાસ અને તેના પ્રેમીની ધમકીથી કંટાળી યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં રહેતા નરેશ મનસુખભાઈ બગડા ૧૨ વર્ષ પહેલા જેતપુરના રહીમ પીજારાની પુત્રી અફસાના સાથે પ્રેમ સંબંધ હતો. અફસાના ભાગીને નરેશ સાથે રહેવા આવી જતા સમાધાન બાદ નરેશ અને અફસાના પતિ-પત્નિ તરીકે સાથે રહેતા હતા. તે દરમિયાન અફસાનાનું નામ બદલી આશા રાખેલ હતુ. નરેશ અને આશાને દિકરાનો જન્મ પણ થયો હતો. બાદમાં આશાને વિશાલ ભાણજીભાઈ મુછડીયા સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો અને બંને ફોનમાં વાતો કરતા અને ફરવા પણ જતા હતા. વિશાલ ફોન કરી નરેશ બગડાને ધમકી આપતો અને આશા પતિ નરેશ સાથે ઝગડો કરી નરેશને કોઈ નશો કરાવી બાંધીને માર મારતી અને ત્રાસ આપતી હતી અને નરેશ પાસેથી પૈસા લઈ જતી હતી. આશા નરેશ સામે પોલીસમાં ખોટી ફરીયાદ પણ કરતી હતી. પત્ની આશા અને તેના પ્રેમી વિશાલ મૂછડીયાના ત્રાસથી કંટાળી નરેશ બગડાએ પોતાના મોબાઈલમાં વિડીયો બનાવી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. યુવાનને મરવા મજબુર કરવાના ગુનામાં પોલીસે આરોપી વિશાલ ભાણજીભાલ મુછડીયા અને આશાબેનની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.

જેલ હવાલે રહેલા આરોપી વિશાલ મુછડીયાએ જેતપુર સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલી જતા આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ જેતપુર સેશન્સ જજ ચુડાસમાએ આરોપી વિશાલ મુછડીયાને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી અને અનિતા રાજવંશી રોકાયા હતા.

# શાપરમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતાં છ બાઝીગરો ઝડપાયા

■ પોલીસે રૂા.૧૦૩૦૦ ની મતા કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપરમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતાં છ બાઝીગરોને પોલીસે પકડી પાડી રૂ.૧૦૩૦૦/- ની મતા કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી. રાણાની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સ્ટાફને મસ્કત ફાટક પાસે ગંગા બાથ ફીટીંગ લીમીટેડ કારખાના સામે રેલ્વે પાટા પાસે ખુલ્લા પટમા અમુક શખ્સો તીનપતીનો જુગાર રમે છે.

તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી પતા ટીંચતા અનીશ રંગલાલ ભારતી, આશીષ ખુમાન, અજમેર રામસીહ જાટબ, અમરીશ શ્યામસ્વરૂપ મીશ્રા, અનુરાગ નીતરામ થમાર અને ગૌતમ જ્ઞયાનસીંગ શીરોટીયા (રહે તમામ શાપર) ને પકડી પાડી રોકડ રૂ.૧૦૩૦૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજયસભાના સાંસદ સામેની ફરિયાદમાં સુપ્રિમ કોર્ટની ટકોર

જામનગરના સમૂહશાદીના એક કાર્યક્રમમાં ઉપસ્થિત રાજ્ય સભાના સાંસદ અને એક નગર સેવક સામે ગુન્હો નોંધાયા પછી આ મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે. તે અન્વયે કોર્ટે આ કવિતાનો અર્થ સમજવો જોઈએ તેવી ટકોર કરી છે.જામનગરમાં થોડા મહિના પહેલાં યોજાયેલા સમૂહશાદીના એક કાર્યક્રમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં એક કવિતા કોઈએ એડ કરી હતી અને તેના દશ્યમાં કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢી અને જામનગરના કોર્પોરેટર અલ્તાફ ખફી દેખાઈ રહ્યા હતા.તે વીડિયોના આધારે નગર ના એક આસામીએ દેશની એકતા જોખમાય તેવું ગાયન વીડિયો સાથે મુકાયું હોવાની રાવ કરી હતી. જેના પગલે ગુન્હો નોંધાયો હતો. તે ફરિયાદ રદ્દ કરાવવા હાઈકોર્ટમાં અરજી થઈ હતી. તે અરજી રદ્દ થઈ હતી પરંતુ વચગાળાની રાહત અપાઈ હતી આ પછી સુપ્રિમ કોર્ટ સુધી પહોંચેલા આ મામલા માં કોર્ટે જે કવિતા બાબતે ગુન્હો દાખલ થયો છે તે કવિતાનો અર્થ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ, આ કવિતા કોઈ ધર્મ વિરૂદ્ધની ન હતી પરંતુ તેમાં અહિંસાની વાત કરાતી હતી. તેવી દલીલ થઈ હતી.

# જામનગરમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર નરાધમ પિતાને છેલ્લા શ્વાસ સુધી કેદ

જામનગરમાં સગીરા પર દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવી દેવાના ચકચારી કેસમાં જામનગરની સ્પે. કોર્ટે આરોપી નરાધમ પિતાને તકસીરવાન ઠેરવીને આજીવન કેદ-છેલ્લા શ્વાસ સુધીની સજા ફટકારી છે તેમજ દંડ અને વળતર પેટે રકમ ચુકવવા આદેશ કર્યો છે. જામનગરમાં રહેતી ૧૩ વર્ષ અને ૩ માસની સગીર પુત્રી ઉપર તેના જ સગા પિતા એ કુદ્રષ્ટિ કરી હતી. અને માર મારવાની બીક આપી તેની સાથે શારીરિક અડપલા કર્યા હતા. અને આ બાબત કોઈને કહેશે તો મારી નાખવાની ધમકી આપી હતી. તેણી ધોરણ પાંચમાં અભ્યાસ કરતી હતી ત્યારે પણ આ પીતા એ પોતાની પુત્રી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. અને આ પછી અવાર નવાર સગી પુત્રી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.આખરે એક દિવસ સગીરાને પેટમાં દુખાવો ઉપાડતા તેણીની મોટી બહેન તેને સરકારી હોસ્પિટલમાં લઈ ગઈ હતી જ્યાં તબીબી તપાસ કરવામાં આવતા તેણીને ૧૨ અઠવાડિયાનો ગર્ભ હોવાનું ખુલવા પામ્યું હતું. આખરે આ બાબતે સરકારી ડોક્ટર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે આ બનાવ અંગે ભોગ બનનાર સગીરાનું નિવેદન અને તેની ફરિયાદ ના આધારે પિતા સામે ગુનો નોંધ્યો હતો.આ બનાવ અંગે ૨૭/૧૧/૨૦૨૨ના ગુનો નોંધાયા પછી પોલીસે આરોપીને ધરપકડ કરી હતી. અને પોલીસ દ્વારા આ બનાવમાં ડીએનએ ટેસ્ટ કરાવ્યો હતો જેનો રિપોર્ટ પોઝિટિવ મળ્યો હતો. ઉપરાંત ભોગ બનનાર સગીરાની મોટી બહેનને પણ તેના પિતા એ અગાઉ અડપલા કર્યા હતા. આથી તેણી ઘર છોડીને ભાગી ગઈ હતી ત્યારબાદ. વિકાસ ગ્રહ માં રહેવા ચાલી ગઈ હતી જોકે થોડો સમય પછી ત્યાં થી પોતાના ઘરે પરત ફરી હતી.આ અંગેનો કેસ જામનગરની સ્પેશિયલ કોર્ટના ન્યાયાધીશ એમ. કે. ભટ્ટ સમક્ષ ચાલી જતા ૧૯ સાક્ષી ઓ સરકાર પક્ષે તપાસવામાં આવ્યા હતા. ઉપરાંત દસ્તાવેજી પુરાવા અને બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી અદાલતે આરોપી પિતા ને આજીવન કેદની સજા એટલે કે છેલ્લા શ્વાસ સુધીની સજા અને ૪૦ હજાર નો દંડ તથા સરકાર તરફ થી વળતર પેટે સગીરાને ૬ લાખ ચૂકવવા પણ આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

# મોરબીના આમરણ નજીક યાત્રાળુ ભરેલ બસ પલ્ટી મારી જવા મામલે બસ-ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

■ મહેસાણાથી દ્વારકા જતી બસ પલ્ટી મારી જતા બસ-ચાલક સ્થળ ઉપરથી નાસી ગયો હતા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના આમરણ નજીક મહેસાણાથી દ્વારકા પૂનમ ભરવા જતા યાત્રિકોની ખાનગી બસ પલ્ટી મારી જતા બસમાં ૩૫ જેટલા મુસાફરો સવાર હતા ત્યારે ૧૬ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, ત્યારે અકસ્માત બાદ ખાનગી બસનો ચાલક સ્થળ ઉપરથી નાસી ગયો હતો. હાલ ઈજાગ્રસ્ત મુસાફર દ્વારા ખાનગી બસના ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેની અટક કરવા તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, મહેસાણા હાઈવે રોડ પસાભાઈ પેટ્રોલપંપ પાછળ મહેસાણાના રહેવાસી પરેશભાઈ નારણભાઈ આલ ઉવ.૩૬ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ ખાનગી બસ રજી.નં. જીજે-૦૫-બીએક્સ-૫૫૮૧ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૧૨/૦૨ના રોજ સાંજે મહેસાણાની સરદાર ટ્રાવેલ્સની બસમાં દ્વારકા પૂનમ ભરવા જતા હોય ત્યારે ટ્રાવેલ્સ બસ મહેસાણાથી મોરબીના આમરણ રાત્રીના બે વાગ્યાના સુમારે પહોંચી હોય ત્યારે બસના ચાલક દ્વારા બસ પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવતા બસ પલ્ટી ખાઈ ગયી હતી, અને બસમાં સવાર ૧૬ જેટલા મુસાફરોને ઈજાઓ પહોંચી હતી, અકસ્માત બાદ બસનો ચાલક સ્થળ ઉપરથી ફરાર થઇ ગયો હતો, જે મુજબની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી મહાનગરપાલિકાના અગ્નિશમન શાખા દ્વારા ગત તારીખ ૦૪/૦૨ થી ૧૧/૦૨ સુધી મ્યુનિસિપલ કમિશનરના આદેશ અનુસાર મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલો અને શાળાઓમાં ફાયર પ્રિવેન્શન અંતર્ગત તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પૈકી ૧૫ હોસ્પિટલમાં ૧૭૫ હોસ્પિટલ સ્ટાફને અને સ્કૂલો પૈકી ૩ સ્કુલમાં ૧૯૦ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને ફાયર પ્રિવેન્શનની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ તાલીમ સત્રના ભાગરૂપે ૫૭ હોસ્પિટલોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ હોસ્પિટલોમાં ફાયર સેફટીની અપૂર્તતાના કારણે તેમણે નોટીસ પણ બજાવવામાં આવી હતી. આ ઉપરાંત ફાયર પ્રિવેન્શનને લગતા સૂચનો અને જરૂરી ગાઈડલાઈન હોસ્પિટલને આપવામાં આવી હતી.

આ પ્રકારની તાલીમનો મુખ્ય ઉદેશ્ય મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલ/શાળાઓમાં તેઓને ફાયર સેફટી વિષે માહિતગાર કરવા, ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા, કોઈપણ ઈમરજન્સી વખતે તાત્કાલિક ધોરણે અગ્નિશમન શાખાનો સંપર્ક કરી નાની-મોટી દુર્ઘટના ટાળવા, જાન-હાનિ કે મોટી આપદાને નિવારી શકાય અને જાન-માલને બચાવી શકાય તે રહેલો છે. આવી કોઈ દુર્ઘટનાના સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-૦૨૮૨૨-૨૩૦૦૫૦ અથવા ૧૦૧ પર સંપર્ક સાધી શકાશે.

ગત તારીખ ૧૧/૦૨ ના રોજ મ્યુનિસીપલ કમિશ્નર દ્વારા મોરબી મહાનગરપાલિકાના ફાયર સ્ટેશનની વિઝીટ કરવામાં આવી હતી. ત્યારે ફાયર સ્ટેશન ખાતે ફાયર સ્ટાફની ડ્રિલ, ઉપલબ્ધ ફાયર વાહનો અને સાધનોનું અવલોકન કરવામાં આવ્યું હતું અને તેઓએ તમામ સ્ટાફને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમ મોરબી મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જી.જી. હોસ્પિટલમાંથી મોબાઈલ ઉઠાવનાર શખ્સ ઝડપાયો



જામનગર જી.જી. હોસ્પિટલમાંથી મોબાઈલ ઉઠાવનાર શખ્સ ઝડપાઈ.જામનગરની હોસ્પિટલની દવા બારી પાસેથી ત્રણેક મહિના પહેલાં એક આસામીનો મોબાઈલ ચોરાઈ ગયો હતો. તેની તપાસમાં પોલીસે એક શખ્સને ચોરાઉ મોબાઈલ સાથે પકડી લીધો છે. જામનગર શહેરમાં ત્રણેક મહિના પહેલા એક આસામીનો વીવો કંપનીનો મોબાઈલ ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. તે ફોનના આઈએમઈઆઈ નંબર તથા તેમાં રહેલા કાર્ડ અંગે વિગતો પ્રાપ્ત કરી પોલીસે પીઆઈ પી.પી. ઝાની સૂચનાથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં આ નંબરની કોલ રેકોર્ડ પણ કઢાવાઈ હતી.ત્યારપછી સર્વેલન્સ સ્ટાફના ક્રિપાલસિંહ સોઢા, જયદીપસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે આયુર્વેદિક યુનિ. પાસેથી બેડેશ્વરમાં સીફા પાર્ક નજીક રહેતા ઉદય રાજેશ મેણીયા નામના શખ્સને દબોચી લેવાયો હતો. આ શખ્સની તલાશી લેવાતા તેની પાસેથી મોબાઈલ સાંપડ્યો હતો. તેની પૂછપરછ કરાતા તેણે આ મોબાઈલ ત્રણેક મહિના પહેલાં જી.જી. હોસ્પિટલમાં દવાબારી પાસેથી તફડાવ્યો હોવાની કબૂલાત કરી છે.

# લાતી પ્લોટમાં યુવાને ફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો



લાતી પ્લોટ વિસ્તારમાં રહેતા યુવાને કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે વિગત મુજબ લાતી પ્લોટમાં શેરી નં.૧૧ માં રહેતા સાગર ભરતભાઈ મકવાણા નામનો ૨૨ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ગળેફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો ઘટના અંગે જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક સાગર મકવાણા બે બહેનોનો એકનો એક નાનો ભાઈ હતો અને સાગર મકવાણા કારખાનામાં મજૂરી કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો આ બનાવ અંગે પોલીસે નોંધ કરી યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દૌર લંબાવ્યો છે.

# ગંજીવાડામાં યુવાન ઉપર પડોશી શખ્સનો છરી વડે હુમલો



શહેરમા ગંજીવાડા મેઈન રોડ પર રહેતો યુવાન પોતાના ઘર પાસે હતો ત્યારે એક શખ્સે નજીવા પ્રશ્ને ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ ગંજીવાડા મેઈન રોડ પર રહેતો લાલજી ઉર્ફે લલીત હરીભાઈ રાઠોડ (ઉ.વ. ૨૫) રાત્રીના પોતાના ઘર પાસે હતો ત્યારે કાળુ ઉર્ફે અજય બથવારે નજીવા પ્રશ્ને ઝઘડો કરી છાતી, પેટ અને હાથમા છરીના ઘા ઝીકી દીધા હતા. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમા દાખલ કરાયો હતો.

# રિસામણે બેઠેલી પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પતિએ વખ ઘોળ્યું



શહેરમાં રેલનગર વિસ્તારમાં રહેતા યુવકની પત્ની છેલ્લા બે વર્ષથી મોરબી રિસામણે ચાલી ગઈ છે. રિસામણે બેઠેલી પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા યુવાને ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે વિગત મુજબ શહેરમાં રેલનગર વિસ્તારમાં આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશિપમાં રહેતા નીતિન તુલસીભાઈ પરમાર નામનો 30 વર્ષનો યુવાન સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં શારદાબાગ પાસે હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસને જાણ કરતા પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં નીતિન પરમાર ત્રણ ભાઈમાં મોટો છે અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે નીતિન પરમારને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેની પત્ની પૂનમબેન છેલ્લા બે વર્ષથી મોરબી માવતરે રિસામણે બેઠી છે જે મુદ્દે પત્ની પુનમબેને પોલીસમાં ફરિયાદ નોંધાવતા નીતિન પરમારને લાગી આવતા ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર રોડ પર મહિલાની હત્યા કરનાર દિયર દેરાણી સહિત ચારની ધરપકડ

## મહિલાની હત્યા કેસમાં ઘટસ્ફોટ: દિયર વટુ વાળતા બદનામીને કારણે ખેલાયો ખૂની ખેલ

રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા શેઠનગર સામે ઝુપડામા રહેતી ભાવના અરજણભાઈ વાજેલીયા (ઉ.વ. 30) ગયા શુક્રવારે ઈજાગ્રસ્ત હાલતમા સિવિલ હોસ્પીટલે ખસેડાઈ હતી જયા સારવાર દરમ્યાન તેમનુ મોત નિપજતા તેમનુ ફોરેન્સીક પીએમ કરવામા આવ્યુ હતુ. આ પીએમ રીપોર્ટમા મહિલાનું મોત માર મારવાથી થયાનો અભિપ્રાય આવતા પોલીસે મૃતકના સબંધીની ફરીયાદ પરથી દિયર – દેરાણી સહીત પાંચ શખ્સો વિરુધ્ધ હત્યાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે બાતમીના આધારે શૈલેષ વિનુ વાજલીયા (ઉ.વ. ૨૦), નીરા નીતીનભાઈ વાજલીયા (ઉ.વ. ૨૧), કિરણબેન શૈલેષભાઈ વાજલીયા અને નીતીન ઉર્ફે નીતેશ મનુભાઈ વાજલીયા (ઉ.વ. ૨૨) રહે બધા જામનગર રોડ શેઠનગરની સામે ઝુપડામા) ની ધરપકડ કરી હતી. આ ઘટનામા આરોપીઓની પુછપરછમા જાણવા મળ્યુ હતુ કે મૃતક ભાવનાએ ફરીયાદી સાથે દિયર વટુ વાળ્યુ હોય જેથી આરોપીઓ દિયર અને દેરાણીઓ થતા હોય અને ફરીયાદીના સગા તેમજ કૌટુંબીક ભાઈ ભાભીઓ થતા હોય જેથી આરોપીઓની સમાજ તેમજ કુટુંબમા બદનામી થઈ હોય જેનો ખાર રાખી આરોપીઓએ ધોકાના ઘા અને કેબલથી માર મારી ભાવનાબેનની હત્યા કરી હતી. આજે તમામ આરોપીઓને રીમાન્ડ માટે કોર્ટ હવાલે કરાશે તેવુ જાણવા મળ્યુ છે.

# શિવરાત્રીના મેળામાં આપાગીગાના ઓટલા દ્વારા ભજન-ભોજન-ભકિતનો સમન્વય

## જુનાગઢમાં દર વર્ષની જેમ અન્નક્ષેત્રની તૈયારીઓ શરૂ : તા. ૨૦ થી ૨૭ અનેરો ત્રિવેણીસંગમ : સૌને મહાપ્રસાદનો લાભ લેવા નરેન્દ્રબાપુનું નિમંત્રણ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આભને ઓવારણા લઈ વાદળ સાથે વાતો કરતા ગરવા ગિરનારની ગોદમાં આદી અનાદી કાળથી જુનાગઢ ખાતે દર વર્ષે સમગ્ર રૂષી મુનીઓ, સાધુ સંતો, મહામંડલેશ્વરશ્રીઓ, દરેક અખાડાના સંતો તેમજ ભક્ત કોટીના આશ્રમો દ્વારા તેમજ સરકારના માધ્યમથી અને સમગ્ર સમાજના આગેવાનો દ્વારા મહાશિવરાત્રીનો મેળો યોજાય છે.જેમાં આ વર્ષે પણ આ પરમ પવિત્ર શિવરાત્રી મહોત્સવની શ્રી આપાગીગાના ઓટલા દ્વારા ભવ્યાતિ ભવ્ય ઉજવણીઓ કરવા માટેની સમગ્ર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ અવસરે શ્રી આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા ભવનાથ ક્ષેત્રમાં લાલ સ્વામીની જગ્યા ભવનાથ જુનાગઢ ખાતે સમગ્ર સમાજના લોકો સાધુ સંતો ભાઈઓ, બહેનો માતાઓ યુવાનો અઢારેય કોમ માટેનું છેલ્લા ઘણા વર્ષોથી સંપૂર્ણ મહા અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવે છે.

જેમાં જુનાગઢ શહેર, જુનાગઢ જીલ્લો, સાવરકુંડલા, અમરેલી, ભાવનગર, તેમજ રાજકોટ ના ભાઈઓ-બહેનો વિગેરે દ્વારા આ કાર્યક્રમ તેમાં સંપૂર્ણ પણે કોઈપણ જ્ઞાતિ જાતિના ભેદભાવ વગર વિનામુલ્યે સેવાઓ આપવામાં આવે છે.આ વર્ષે પણ દર વર્ષની માફક શ્રી આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરજબાપુની (નરેનૂદ્રભાઈ સોલંકી) તેમજ સમગ્ર કાર્યકર્તાઓની ટીમ દ્વારા અને ભગવાન ભોળાનાથની તેમજ માં અંબાજી અને ૫૨(બાવન)વીર ૬૪(ચોસઠ) જોગણી નવનાથ ૮૪ (ચોરયાસી) સીધ્ધની આગેવાનીમાં તેમજ પરમ પૂજય સદ્ગુરૂદેવ શ્રી જીવરાજબાપુ ગુરૂશ્રી શામજીબાપુના આર્શીવાદથી અન્નક્ષેત્રની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

સાત વિઘા જગ્યામાં સેંકડો ભાવીકો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની સેવા માટે જુનાગઢ શહેર, જુનાગઢ જીલ્લાના અઢારેય વરણ તેમજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના દરેક કાર્યકર્તાઓ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રના દરેક સમાજના સ્વયંમસેવક, હરખની હેલી ચડી છે અને સૌ સાથે મળી ખંભે ખંભા મીલાવી અને કાર્યરત છે. નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુએ જણાવેલ કે જુનાગઢ ખાતે ભવનાથક્ષેત્રમાં મહાશિવરાત્રી મહોત્સવ અંતગર્ત તા. ૨૦-૨ ગુરૂવાર સવાર થી લઈ શ્રી આપાગીગાના ઓટલાનું અન્નક્ષેત્ર સમગ્ર સમાજના લોકો માટે ધમધમતુ થઈ જાશે.જેમાં સવારના સમયમાં દરેક લોકોને ચા-પાણી-નાસ્તો અને સવારે ૧૦-30 થી લઈ મોડી રાત્ર સુધી શુધ્ધ ઘીની બે મીઠાઈઓ, શુધ્ધ સિંગતેલમાં બનેલ બે શાક, ફરસાણ, દાળ, ભાત, શાક, ખીચડી, કઢી, વગેરેનો ભોજનરૂપી મહાપ્રસાદની વ્યવસ્થાઓ ભગવાન સદાશીવ, માં ભગવતી તેમજ માં બહુચરાજી, ભગવાન દ્વારકાધીશના આર્શીવાદથી અને અમારા પરમ સદ્દુરૂ દેવ શ્રી જીવરાજબાપુની પ્રેરણાથી ચાલુ થઈ જશે.

તેમજ તા. ૨૭-૨ ગુરૂવાર ના દિવસે સંપૂર્ણ દિવસ માટે સવારથી લઈ રાત્રી સુધી આખા દિવસ શિખંડ, રાજગરાના લોટનો શીરો, સામાની ખીર, ફરાળી



ખીચડી, સુકી ભાજી, રાજગરાના લોટની પુરી, ફરાળી ચેવડો, ફરાળી કઢી, વિગેરે અનેક પ્રકારની ફરાળી આઈટમો પણ પીરસવામાં આવશે. શિવરાત્રી મહોત્સવના મહાપ્રસાદનો અનેરો મહીમા છે.

છેલ્લા ઘણા વર્ષોથી મહાશિવરાત્રી મહોત્સવમાં અઢારેય કોમના દરેક લોકોને ભોજનરૂપી મહાપ્રસાદ લેવા માટે તા. ૨૦-૨થી તા. ૨૭-૨ને ગુરૂવાર સુધી આ અન્નક્ષેત્ર ધમધમવાનું છે ત્યારે સમગ્ર સમાજના લોકોને મહાપ્રસાદ લેવા માટેની જાહેર અનુરોધ કર્યો છે. તા. ૨૨-૨થી તા. ૨૭-૨ સુધી દરરોજ રાત્રીના સમયે નામાંકિત કલાકારો દ્વારા વિડીયો પર એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા રોજ રાત્રે ભજન અને લોક ડાયરાની જમાવટ થનાર છે. તેમ આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુએ અપીલ કરી છે.

# એજ્યુકેશન એક્ષપોમાં ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર તથા કિચ સ્કૂલ ઓફ ડીઝાઈનના સ્ટોલની મુલાકાત લેતા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

## એજ્યુકેશન એક્સ્પોમાં વિશાળ જનસમૂહને સ્થાપત્યકલા તેમજ ઈન્ટીરીઅર ડીઝાઈન શિક્ષણનું તલસ્પર્શી માર્ગદર્શન પાઠવતી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્થાપત્યકલા શિક્ષણક્ષેત્રે દેશભરમાં નામના ધરાવતી તેમજ સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વપ્રથમ સ્નાતક કક્ષાનો સ્થાપત્ય કલા શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કરવાનું બહુમાન ધરાવતી ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેકચરએ પોતાના ઉચ્ચ કક્ષાના શૈક્ષણિક ક્રિયાકલાપો સંદર્ભે રાષ્ટ્રીય કક્ષાએ પણ અવ્વલ સ્થાન પ્રાપ્ત કરેલ છે. હાલ પોતાની શૈક્ષણિક નિપૂર્ણતાના સિલ્વર નજ્યુંબિલી વર્ષથમાં પ્રવેશી ચૂકેલ નઈપ્સાથના પરિસરમાં વર્ષ ૨૦૨૩ માં ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી સંલગ્ન ઈન્ટીરીઅર ડીઝાઈનના ડીગ્રી અભ્યાસક્રમ પ્રદાન કરતી નકિચ સ્કૂલ ઓફ ડીઝાઈનથ સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છેં. કોલેજ પ્રવેશના આ સમયમાં વાલીઓ, વિદ્યાર્થીઓ, સ્કૂલ સંચાલકો, તેમજ જનસામાન્ય આર્કિટ્ક્ચર તેમજ ઈન્ટીરીઅર ડીઝાઈનના અભ્યાસક્રમની વાસ્તવિક અને ઉપયોગી માહિતી તથા પરિસ્થિતિથી અવગત થઈ શકે તે હેતુથી પઈપ્સાથ દ્વારા આર્કિટેક્ચર અભ્યાસક્રમની તલસ્પર્શી માહિતી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે આયોજિત નએજ્યુકેશન એક્ષપોથ અંતર્ગત પ્રદાન કરેલ હતી. એક્ષપોના પાંચ દિવસ દરમ્યાન વ્યવસાયી વિદ્યા પ્રતિસ્થાનના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે નઈપ્સાથના સ્ટોલની ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, વિવિધ સ્કૂલ તથા કોલેજના સંચાલકો, શિક્ષકો, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ વિશાળ સંખ્યામાં જનસામાન્યએ મુલાકાત લીધેલ હતી તથા સ્થાપત્યકળા અને તે અંગેના



શિક્ષણની જાણકારી મેળવવાનો તેમજ વિદ્યાર્થીકૃત બિલ્ડીંગ મોડેલ્સ નિહાળવાનો લ્હાવો લીધેલ હતો. પ્રસ્તુત આયોજનને સફળ બનાવવા સંસ્થાનાં ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તેમજ ડો.નવીનભાઈ શેઠનાં વડપણ તથા ઈપ્સાનાં નિયામક આર્કિ. કિશોરભાઈ ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ સંસ્થાનાં આચાર્ય પ્રો.દેવાંગ પારેખ તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણીક કર્મચારી તથા વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવેલ હતી.

# પરાપીપળીયા ગામ ખાતે રૂપિયા પાંચ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત



આજરોજ બેડી – ૩ જિલ્લા પંચાયત સીટ હેઠળ ના પરાપીપળીયા ગામે રકમ રૂ ૫ લાખના ખર્ચે પોપટભાઈ ટપુભાઈ ના ઘરથી ચનાભાઈ ના ઘર સુધી પેવર બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું આ પ્રસંગે બેડી-૩ જિલ્લા પંચાયત સીટના પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા તાલુકા પંચાયત સીટ ના પ્રતિનિધિ વિક્રમભાઈ સરપંચ તેમજ ગામના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા રાજકોટ શહેરની જેમ જિલ્લામાં પણ રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા તમામ ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના કામો વેગવંતા બનાવવામાં આવ્યા છે

# રાજકોટમાં હાર્ટએટેકનો હાહાકાર: ૭ના શ્વાસ થંભી ગયા

## પુત્રના લગ્નના ત્રીજા દિવસે પિતા, હેર સલૂનનો ધંધાર્થી, જમીને ઊભા થયેલા આધેડ સહિતના બેભાન હાલતમાં ઢળી પડતાં મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહીત રાજયભરમા હૃદય રોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ દરરોજ અનેક માનવી જીંદગી કાળના ખપ્પરમા હોમાઈ રહી છે ત્યારે રાજકોટમા માત્ર ૨૪ કલાકમા ૭ લોકોના હાર્ટ એટેકથી મોત નીપજયા હોવાની ઘટના સામે આવી છે જેમા પુત્રના લગ્નના ત્રીજા દિવસે પિતા, હેર સલૂનનો ધંધાર્થી, જમીને ઉભા થયેલા આધેડ સહીત ૭ લોકોના બેભાન હાલતમા ઢળી પડયા બાદ મોત નીપજતા પરીવારમા કરુણ કલ્પાંત સર્જાયો છે.

રાજકોટમા કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે આવેલ કૈલાશ પાર્કમા રહેતા વિક્રમભાઈ વિભાભાઈ જળુ (ઉ.વ. ૪૭) પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા સારવાર અર્થે ખસેડાયા હતા. જયા તેમનુ મોત નીપજયુ હતુ. પ્રાથમીક તપાસમા મૃતક વિક્રમભાઈ આહીર ૩ ભાઈ એક બહેનમા મોટા હતા અને રીક્ષા ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવતા હતા. વિભાભાઈએ ૩ દિવસ પુર્વે જ પુત્રના લગ્ન કર્યા હતા. લગ્નના ત્રીજા દિવસે જ હૃદય રોગના હુમલાથી મોત નીપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે.

બીજા બનાવમા મવડી વિસ્તારમા આવેલ કિશન પાર્કમા રહેતા અને હેર સલુનની કેબીન ધરાવતા વિજયભાઈ ચંદુભાઈ જાદવ (ઉ.વ. ૪૦) બપોરના અરસામા પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમા ઢળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમા દાખલ કરાયા હતા જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી હૃદય રોગના હુમલાથી મોત નીપજયુ હોવાનુ જાહેર કર્યુ હતુ. મૃતક યુવાન બેભાઈ બે બહેનમા નાના અને અપરણીત હતા.

ત્રીજા બનાવમા ૮૦ ફુટ રોડ પર આવેલા આંબેડકરનગરમા રહેતા હેમુભાઈ ભાણજીભાઈ ચાવડા (ઉ.વ. ૫૨) રાત્રીના દસેક વાગ્યાના અરસામા પોતાના ઘરે જમવા બેઠા હતા હેમુભાઈ ચાવડા જમીને ઉભા થતાની સાથે જ બેભાન હાલતમા ગબડી પડયા હતા. આધેડને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલમા દાખલ કરવામા આવતા ડોકટરે આધેડનુ હાર્ટ એટેકથી મોત નીપજયુ હોવાનુ જણાવતા પરીવાર શોકમા ગરકાવ થઈ ગયો હતો.

ચોથા બનાવમા ૮૦ ફુટ રોડ પર આવેલા સત્યમ પાર્કમા રહેતા મનીસિંહ રઘુવંશીહ શર્મા (ઉ.વ. ૫૮) મધરાતે પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમા ખસેડાયા હતા જયા આધેડે હોસ્પીટલના બીછાને દમ તોડી દીધો હતો. પ્રાથમીક પુછપરછમા મૃતક આધેડ પાંચ ભાઈ



૩ બહેનમા વચેટ હતા અને તેમને સંતાનમા ૩ પુત્ર અને ૧ પુત્રી છે.

પાંચમા બનાવમા રૈયા રોડ પર આવેલ આલાપ ગ્રીન સીટીમા રહેતા દિનેશભાઈ લીલાધરભાઈ રાઠોડ (ઉ.વ. ૫૮) બપોરના ૨ વાગ્યાના અરસામા પોતાના ઘરે હતા ત્યારે છાતીમા દુખાવો ઉપડતા સિવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ જવામા આવ્યા હતા. જયા સારવાર કારગત નીવડે તે પુર્વે ફરજ પરના તબીબે દિનેશભાઈ રાઠોડનુ હાર્ટ એટેકથી મોત નીપજયુ હોવાનુ જણાવ્યુ હતુ.

છઠ્ઠા બનાવમા રુખડીયાપરા વિસ્તારમા રહેતા ઉમાબેન જેન્તીભાઈ સાવલીયા (ઉ.વ. ૫૭) સ્પીડવેલ પાર્ટી પ્લોટમા કેટરર્સના કામ અર્થે ગયા હતા ત્યારે બપોરના સમયે હૃદય રોગનો હુમલો આવતા બેભાન હાલતમા ઢળી પડયા હતા. પ્રૌઢાને સારવાર માટે સિવિલ હોસ્પીટલે ખસેડવામા આવતા તેમનુ મોત નીપજયુ હતુ. પ્રાથમીક તપાસમા મૃતક પ્રૌઢાને સંતાનમા એક પુત્ર અને એક પુત્રી છે. પ્રૌઢા કેટરર્સના કામે પાર્ટી પ્લોટમા હતા ત્યારે આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડયો હોવાનુ જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત સાતમા બનાવમા સંતોષીનગર મફતીયાપરા વિસ્તારમા રહેતા દિનેશભાઈ મુળજીભાઈ ચોટાઈ (ઉ.વ. ૫૬) પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા મોત નીપજયુ હતુ. પ્રાથમીક તપાસમા મૃતક આધેડ એકલવાયુ જીવન જીવતા હતા અને પોલીસે મૃતક આધેડના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# તાપમાનનો પારો વધુ ઉંચકાશે: તા.૧૫મી પછી ૩૮ ડીગ્રીને આંબશે

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની તા.૧૮ ફેબ્રુઆરી સુધીની આગાહી: તા.૧૫મીથી પવનનું જોર પણ વધશે: અમુક દિવસે ઝાકળવર્ષા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શિયાળો હવે વિદાયના માર્ગે હોય તેમ કેટલાક દિવસોથી તાપમાન વધવા લાગ્યું જ છે અને હવે આવતા દિવસોમાં તેમાં વધુ વધારો થશે તથા ૩૮ ડીગ્રીને આંબી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.

તેઓએ આજે વાતચીતમાં કહ્યું કે ગત ૭મીથી તાપમાન વધવાનું છેલ્લી આગાહીમાં જણાવ્યું હતું તે મુજબ સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં છેલ્લા દિવસોમાં ન્યુનતમ અને મહતમ એમ બન્ને તાપમાન નોર્મલ કરતા ત્રણ ડીગ્રી વધુ રહ્યા હતા. હવે મહત્તમ તાપમાન પર વધુ લક્ષ્ય આપવાનું રહે છે. રાજ્યના મોટાભાગના શેહેરોમાં મહતમ તાપમાન સોમવારે ૨ થી ૩ ડીગ્રી ઉંચુ હતું.

અમદાવાદનું ૩૩.૪, ડીસાનું ૩૩.૧ તથા ભુજનું ૩૩.૨ ડીગ્રી હતું તે નોર્મલ કરતાં ત્રણ ડીગ્રી વધુ હતું. રાજકોટમાં ૩૩.૧ તથા વડોદરામાં ૩૩.૪ હતું તે નોર્મલ કરતા બે ડીગ્રી વધુ હતું.

રાજ્યમાં હવે નોર્મલ મહત્તમ તાપમાનની રેન્જ ૩૦ થી ૩૧ ડીગ્રી છે તે સપ્તાહમાં વધીને ૩૧ થી ૩૨ ડીગ્રી થશે. તા.૧૧ થી ૧૮ ફેબ્રુઆરીની આગાહીમાં તેઓએ જણાવ્યું હતું કે ૧૪ ફેબ્રુઆરી સુધી તાપમાનનો પારો ૩૩થી ૩૬ ડીગ્રીમાં રહેશે. ત્યારે તા.૧૫ને શનિવારથી વધુ ઉંચકાશે.



તા.૧૫ થી ૧૮માં મહત્તમ તાપમાનની રેન્જ ૩૫ થી ૩૮ ડીગ્રી થવાની સંભાવના છે.

આગાહીના સમયગાળામાં પવન પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ અને ઉતરના ફુંકાશે તા.૧૪ સુધી ૧૦ થી ૧૫ કીમીની ઝડપે પવન રહેશે. જ્યારે ૧૫ થી ૧૮માં પવનનું જોર વધશે અને ૧૨ થી ૨૫ કીમીની ઝડપે ફુંકાવાની શક્યતા છે.

આ દરમિયાન આકાશ મોટાભાગે ચોખ્ખુ-સ્વચ્છ રહેશે. એકાદ દિવસ છૂટા છવાયા વાદળો જોવા મળી શકે છે. અમુક દિવસે પશ્ચિમીપવનોને કારણે ખાસ કરીને કચ્છ તથા પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગોમાં ઝાકળવર્ષા થવાની સંભાવના છે

# રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સરોજિની નાયડુ ગર્લ્સ સ્કૂલ ખાતે મોટીવેશનલ સેમીનાર યોજયો

## ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે નીડરતાથી પરીક્ષા આપવી જોઈએ.- જિલ્લા શિક્ષણાધિકારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સરોજિની નાયડુ ગર્લ્સ સ્કૂલ ખાતે એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની પરીક્ષાના સંદર્ભમાં વિદ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાનો મોટીવેશનલ સેમીનાર યોજાયો હતો.

આ તકે જિલ્લા શિક્ષણાધિકારી અને શાસનાધિકારી કિરીટસિંહ પરમારે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ પરીક્ષા સમયે આત્મવિશ્વાસ સાથે નીડરતાથી પરીક્ષા આપવી જોઈએ. ઉપરાંત, તેઓએ પોતાના વિદ્યાર્થીકાળ દરમ્યાનના અનુભવો અને પરીક્ષામાં નબળું પરિણામ મળ્યા બાદ ફરીથી પ્રયાસ કરી સફળતા મેળવી તે અંગે વિસ્તૃત સંવાદ કર્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિત પટેલે વિદ્યાર્થીઓને હિન્દી ફિલ્મના ઉત્મ ઉદાહરણો દ્વારા અનેક પ્રસંગો જણાવી વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહ જગાવ્યો હતો. સેમીનારમાં મોટીવેશનલ સ્પીકર સિધ્ધરાજસિંહ ઝાલા, હરેશભાઈ રાવલ, પોલીસ ઈન્સ્પેક્ટર ભાર્ગવસિંહ ઝણકાટ સહિતના મહાનુભાવોએ પોતાના અનુભવોનું ભાથું પીરસીને વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા સંબંધી તકેદારી રાખવા બાબતે તેમજ પૂરતો પૌષ્ટિક ખોરાક અને પૂરતી ઊંઘ લેવા અંગે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા શિક્ષણાધિકારી કિરીટસિંહ પરમાર અને શાળા સલાહકાર ભાવનાબેન






ભોજાણીએ કર્યું હતું. સેમિનારની આભાર વિધિ સરોજિની નાયડુ સ્કૂલના સોનલબેન ફળદુએ કરી હતી. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીના ઈ.આઈ. ધંધુકિયા, બીનાબેન કતીરા, યોગેશ ભટ્ટ, હેમલબેન આણંદપરા તથા એ.ઈ.આઈ. ઓ -એ.એન. પટેલ, નંદકિશોર રાવલ, અલ્પાબેન જોટંગીયા, રશ્મિબેન કકાણિયા, કાજલબેન કકાસણીયા, ઉર્વશીબેન આચાર્ય સહીત રાજકોટ શહેરની જુદી જુદી શાળાઓમાંથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રૂખડિયાપરામા પોલીસ ઉપર હુમલો કરવાના પ્રકરણમાં ૪ બાળ આરોપી સહિત પાંચની ધરપકડ

## ગુજસીટોકના આરોપીને પકડવા ગયેલા બે પોલીસમેન ઉપર હુમલો કરી બાઈકમાં તોડફોડ કરી'તી; મુખ્ય સૂત્રધાર માજીદ ભાણુ પોલીસ પકડથી દૂર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સાંઢિયાપુલ પાસે ગુજસીટોકના આરોપી માજીદ ભાણુને પકડવા ગયેલ પોલીસ ઉપર ૬ દિવસ પહેલા થયેલા હુમલામાં સંડોવાયેલા ચાર બાળ આરોપી સહિત વધુ પાંચ આરોપીઓને ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ પ્રનગર પોલીસ હવાલે કર્યા હતાં. આ બનાવમાં કુલ ધરપકડનો આંક ૧૦ સુધી પહોંચ્યો છે. જ્યારે મુખ્ય સુત્રધાર માજીદ ભાણુ હજુ સુધી ફરાર હોય જેનેપકડવા માટે પોલીસની અલગ અલગ ટીમો કામે લાગી છે. મળતી વિગતો મુજબ રૂખડિયાપરામાં રહેતા ફરિદાબેન શેખના ઘરે માથાકુટ કરનાર ગુજસીટોકના એરોપી માજીદ ભાણુ અને તેના સાગરીતો સાવન ઉર્ફે લાલી, સમીર સમીર ઉર્ફે ધમો, સાહિલ ઉર્ફે ભુરો સહિતના ૧૨ જેટલા શખ્સોએ તોડફોડ કર્યાબાદ આ મામલે પોલીસને જાણ થતાં પેટ્રોલીંગમાં રહેલા કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા, અને તોફીકભાઈ મધરા જામનગર રોડ ઉપર સાંઢિયાપુલ પાસે આરોપીને પકડવા ગયા ત્યારે માજીદ ભાણુ સહિતના ટોળાએ બન્ને પોલીસમેન ઉપર હુમલો કર્યો હતો અને સ્કૂટરમાં તોડફોડ કરી હતી. જે મામલે પોલીસે ગુનો નોંધી ૧૨ જેટલા આરોપીઓની શોધખોળ કરી હતી. તેમાં જે તે વખતે પોલીસે માજીદ રફીક ભાણુના સાગરીત સાવન ઉર્ફે લાલી સંજય વાઘેલા, સમિર બસીર શેખ અને અસરફ શિવાણી તેમજ



અન્ય એક સાગરીત સહિત પાંચની ધરપકડ કરી હતી. આ મામલે સુત્રધાર માજીદ સહિતના શખ્સો ફરાર હોય જેને પકડવા માટે કાઈમ બ્રાંચ અને પ્રનગર પોલીસની ટીમ તપાસ ચલાવી રહી હોય આ મામલે ચાર બાળ આરોપી તેમજ સુલેમાન દલ નામના શખ્સની ધરપકડ કરી છે. આ પાંચની ધરપકડ સાથે કુલ ધરપકડનો આંક ૧૦ થયો છે. સુત્રધાર માજીદ ભાણુ હજુ સુધી પોલીસ પકડથી બહાર છે. જેને શોધવા પોલીસ તપાસ કરી રહી છે.

# રાજકોટ આવતી ૧૦૮ કિલો ચાંદી, ૧.૩૮ કરોડની રોકડ ઝડપાઈ

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સમયે જ મધ્યપ્રદેશની ખંગેલા ચેકપોસ્ટ પરથી યુ.પીના ત્રણ શખ્સોને ઝડપી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ રહી છે, ત્યારે ગુજરાતને જોડતી તમામ બોર્ડર પર પોલીસ દ્વારા ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે અને દરેક ચોકપોસ્ટ પર પસાર થતા વાહનોમા સધન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે. કોઈ વાહનમાં રોકડ કે સોનુ કે ચાંદીની હેરફેર થતી નથી ને? આ મામલે તપાસ કરવામા આવી રહી છે. ત્યારે ગઈકાલે દાહોદ જિલ્લા પોલીસે આંતરરાજ્ય બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન કુરિયર કંપનીની ગાડીના ચોરખાનામાં સંતાડી લઈ જવાતી ૭૫ લાખની આશરે ૧૦૮ કિલો ચાંદી અને ૧.૩૮ કરોડની રોકડ સહીત ૨.૧૯ કરોડનો મુદ્દામાલ પકડી પાડ્યો છે. આ સાથે ઉત્તર પ્રદેશના ચાલક સહિત ૩ ઈસમોની ધરપકડ કરી છે. રોકડ રકમ અને ચાંદીનો જથ્થો રાજકોટ લઈ જવાતો હતો. સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોવાથી મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતી બોર્ડર ઉપર પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યુ છે. ગઈકાલે મધ્યપ્રદેશ - ગુજરાતને જોડતી ખંગેલા ચેકપોસ્ટ ઉપર પોલીસે વાહન ચેકિંગ કર્યુ ત્યારે ઓજસ સ્પીડ કુરિયર કંપનીની બોલેરો કેમ્પર ગાડીને રોકી હતી. જેમાં તપાસ કરતા બોલેરો ગાડીમાં ડ્રાઈવરની સીટ નીચ ચોરખાનામાં ચાંદી તેમજ રોકડ રકમ સંતાડેલી હતી. જે જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

પોલીસે ગાડીના ડ્રાઈવર વિરેન્દ્રકુમાર રામલાલ શર્મા (ઉ.વ. ૪૦, રહે. ઝાંસી, પ્રેમ નગર થાનાની પાછળ ઝાંસી (યુ.પી.) તથા (૨) ડ્રાઈવરની બાજુમાં બેટેલા મનીષકુમાર રામેશ્વર પ્રસાદ ગુપ્તા (ઉ.વ. ૪૫ રહે. ડરૂ ભોડેલા તા.જી. ઝાંસી)અને (૩) રાજુભાઈ શ્રીકાલિકા પ્રસાદ પટેલ (ઉ.વ. ૪૫, ખેતીકામ રહે. ઉનાવ ગેટની બહાર , અંજની નગર, ઝાંસી)ની ધરપકડ કરી હતી. બંનેને પકડી મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન લવાયા હતા, અને ગુનો દાખલ કર્યો હતો. ચૂંટણી દરમિયાન મતદારોને રીઝવવા રોકડ રકમનો ઉપયોગ થવાની શક્યતા જણાઈ રહી છે. જેથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે. નાયબ પોલીસ અધિક્ષક જે.પી.ભંડારી અને પોલીસ ઈન્સ્પેક્ટર યુ.એમ.ગાવીતના માર્ગદર્શન હેઠળ ખંગેલા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યુ હતુ. આ દરમિયાન ખ૬-૩૧-ણઅ-૯૦૫૪ નંબરની બોલેરો કેમ્પર ગાડીને રોકીને તપાસ કરતાં, ડ્રાઈવર સીટની પાછળ બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ચાંદીના બિસ્કીટ અને રોકડ રકમ મળી આવી



હતી. પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલમાં રૂ. ૭૫.૬૦ લાખની કિંમતના ૧૦૮.૪૫૯ કિલોગ્રામ વજનના ચાંદીના બિસ્કીટ, રૂ. ૧.૩૮ કરોડથી વધુની રોકડ રકમ અને રૂ. ૫ લાખની કિંમતની બોલેરો કેમ્પર ગાડીનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી કોઈ બિલ કે આધાર પુરાવા મળ્યા નથી અને તેઓએ ગોળ ગોળ જવાબો આપ્યા હતા. હાલ ઝડપાયેલા ત્રણેય આરોપીને ચાંદીનો જથ્થો અને એક કરોડથી પણ વધુની રોકડ કોણે આપી? અને રાજકોટમાં કઈ જ્યાએ ડિલીવરી આપવાની હતી તે અંગે પુછપરછ કરવામાં આવી રહી હોવાનુ દાહોદ પોલીસમાંથી જાણવા મળી રહ્યું છે.

# મહિલાની નજર ચુકવી રીક્ષા ગેંગે રૂા.૧૭.૭૦ લાખના દાગીના ચોરી લીધા

## લોધિકાના બાલાસર ગામની મહિલાના પર્સમાં રહેલ દાગીના ભરેલ ડબ્બાની ચોરીઃ આજીડેમ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તપાસ-તસ્કરોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લોધિકાના બાલાસર ગામની મહિલાના પર્સમાં રહેલ રૂ.૧૭.૭૦ લાખના દાગીના ભરેલ ડબ્બાની ચોરી થતાં આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

ખારચિયા ગામ લગ્ન પ્રસંગમાં જવા પુત્રી સહિતના સગા સાથે નીકળેલ મહિલા આજીડેમ પાસેથી બસમાં બેસતાં હતાં ત્યારે અજાણી મહિલાઓએ ધક્કા મુક્કીનો લાભ લઈ ૩૬ તોલા દાગીના તફડાવી લીધા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે તસ્કરોની શોધખોળ આદરી છે.

બનાવ અંગે લોધિકાના બાલાસર ગામે રહેતાં શિતલબેન દિનેશભાઈ મેત્રા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી પતિ અને બે બાળકો સાથે રહે છે અને પતિ ખેતીકામ કરે છે. ગઈ તા.૦૨ ના તેઓ તેની દિકરી પ્રગતિ તથા કૌટુંબીક નણંદ ઈલાબેને ખારચીયા ગામ માસીના દિકરાના લગ્નમા જવાનુ હોય જેથી તેમના પતિ સવારના નવેક વાગ્યાની આસપાસ હરીપર (પાળ) ગામના પાટીયે એમ.ટી.વી. હોટલ સામે મુકી ગયેલ હતા.

ત્યાં ફરિયાદીના બહેન પાયલ તથા મિરા પહેલેથી રાહ જોઈને ઉભા હતા. ત્યારબાદ તેઓ પાંચ વ્યક્તિ સાડા નવેક વાગ્યાની આસપાસ એક ઓટો રીક્ષામા બેસેલ અને ત્યારે ઓટો રીક્ષામા એક અજાણી લમહિલા પહેલેથી બેઠેલી હોય જેથી છ વ્યકતિ કેકેવી હોલ સુધી આવેલ હતા. કેકેવી હોલથી તેમના માસી બબુબેન તથા તેમની દિકરી સિધ્ધી પણ જોડે આવેલ હતાં. હવે સાત વ્યક્તિઓ ત્યાથી આજીડેમ ચોકડી જવા માટે બીજી ઓટો રીક્ષામા બેસેલ અને આશરે દસેક વાગ્યાની આસપાસ આજીડેમ ચોકડી પહોચેલ હતા. આજીડેમ ચોકડીથી ખારચીયા જવા માટે તમામ લોકો સરકારી બસમા સાડા દસ વાગ્યાની આસપાસ બેસવા જતા હતા ત્યારે ટ્રાફીક હોય અને અજાણી મહીલાઓ આજુ બાજુ ધકામુકી કરતા હતી.

તેઓ બસમાં બેઠાં બાદ થોડી આગળ ચાલેલ ત્યારે ફરિયાદીએ પોતાની પાસે રહેલ લેડીઝ પર્સ જોતા પર્સની ચેન ખુલી મળેલ જેથી પર્સ ચેક કરતા પર્સમા ઘરેણા ભરેલા ડબ્બો રાખેલ હોય જે જોવા મળેલ ન હતો. તે ડબ્બામા એક ૧૪ તોલાનો સોનાનો હાર, સોનાના બે કંગન, સોનાનો ચેઈન, એક લેડીજ સોનાની માળા, એક જોડી સોનાની બુટી, એક સોનાની વિંટિ હતી.

જેથી તમામ ઘરેણા ભરેલો ડબ્બો કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયાની શંકા જતા તરત જ સાથેના સગાઓને જાણ કરેલ તેમજ પરિવારને ફોન કરી બનાવ બાબતે જાણ કરેલ હતાં.

તેમજ બસમા જોતા બસમા ચડતી વખતે જે મહીલાઓ તેમની આસપાસ હતી તે જોવા મળેલ ન હતી. જેથી આ અજાણી મહિલાઓ ઉપર ચોરીની શંકા છે. ફરિયાદીના પર્સમાથી પ્લાસ્ટીકના ડબ્બામાં રાખેલ સોનાના ૩૬ તોલા દાગીના રૂ.૧૭.૭૦ લાખનો મુદ્દામાલ કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરો સુધી પહોંચવા કવાયત આદરી હતી.

# પ્રેમિકાની સગાઈ થઈ જતા પ્રેમીએ છરીના ઘા ઝીંકી કર્યો ખુની હુમલો

## તું મારી નહિ તો કોઈની નહિ : પ્રેમિકા ઉપર જીવલેણ હુમલો કરી પ્રેમીએ પોતાના પેટમાં છરી મારી દીધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળથી જણાઈ રહી છે ત્યારે સોમવારે સામા કાંઠે આર્ય નગરમાં નજીવી બાબતે ડબલ મર્ડરની ઘટના ઘટી હતી.જેની શાહી હજુ સુધી સુકાઈ નથી ત્યારે રાજકોટ શહેરમાં જંગલેશ્વરમાં વિસ્તારમાં પતું મારી નહિ તો કોઈની નહિ.થ કહેવતને સાર્થક કરતી ઘટના ઘટી છે. જેમાં પ્રેમિકાની અન્ય સ્થળે સગાઈ થતા પ્રેમીએ ઉશ્કેરાયેલા પ્રેમીએ પ્રેમિકા ઉપર જીવલેણ હુમલો કરી પ્રેમીએ પોતાના પેટમાં છરી હુલાવી દીધી હતી. લોહી લુહાન હાલતમાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના મામલે ભક્તિનગર પોલીસમાં યુવતીની હત્યાનો પ્રયાસ કરનાર પ્રેમી સામે ગુનો નોંધવા ધજવીજ શરૂ કરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં આવેલી રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.૧૨માં રહેતી ભારતી અશોકભાઈ સાથરીયા (ઉ.વ.૨૩)નામની યુવતી સવારના સમયે જંગલેશ્વરમાં હુસેની ચોક પાસે મચ્છી વેચતી હતી ત્યારે કુવાડવા રોડ પર સાતહનુમાન નજીક રંગીલા સોસાયટીમાં રહેતો તેનો પ્રેમી સંજય વિનોદભાઈ મકવાણા ધસી આવ્યો હતો અને યુવતી સાથે ઝઘડો કરી છરી વડે તુટી પડયો હતો જેમાં ધરાર પ્રેમીએ યુવતીને પેટ, છાતી, હાથ અને પગમાં છરીના પાંચ જેટલા ઘા ઝીંકી દીધા હતા બાદમાં સંજય મકવાણાએ પોતાના પેટમાં છરીના બે ઘા ઝીંકી આપઘાતનો પ્રયાસ કરતા બંન્ને યુવક-યુવતી લોહી લુહાણ હાલતમાં ઘટના સ્થળે ઢળી પડયા હતા.જંગલેશ્વરમાં દીન દહાડે પ્રેમીએ પ્રેમીકાને છરીના ઘા ઝીંકી પોતે પણ આપઘાતનો પ્રયાસ કર્યાના બનાવથી લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. યુવક-યુવતીને લોહી લુહાણ હાલતમાં ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તબીબો દ્વારા બંન્ને ઓપરેશન માટે



લઈ જવામા આવ્યા હતા. બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં ભારતી એક ભાઈ ચાર બહેનમાં વચેટ છે. તેનીના અગાઉ ચુનારવાડામાં લગ્ન થયા હતા અને ત્રણ વર્ષ પહેલા છુટાછેડા થઈ જતા હાલમાં તેણી રાધાકૃષ્ણ સોસાયટીમાં માતા અને બહેનો સાથે રહી મચ્છી વેચવાનુ કામ કરે છે. હુમલાખોર સંજય મકવાણા અને ભારતી વચ્ચે પ્રેમ સંબંધ હતો. પરંતુ ભરતીબેનની અન્ય સ્થળે સગાઈ થઈ જતા પ્રેમી સંજય મકવાણાએ ઉશ્કેરાઈ જઈ છરી વડે હુમલો કરી પોતાના પેટમાં છરી હુલાવી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. જયારે સંજય મકવાણા મુળ ચોટીલાના ચીરોડ ગામનો વતની અને હાલ રંગીલા સોસાયટીમાં રહી બંગળીનુ કામ કરતો હોવાનુ જણાવા મળ્યુ છે. તે એક ભાઈ બે બહેનમાં મોટો છે અને ૧૦ વર્ષથી ભારતી સાથે પ્રેમ સંબંધ હોવાનુ તેના પરિવાર જનોએ જણાવ્યુ હતુ. હાલમાં બંન્નેની હાલત ગંભીર હોવાનુ તબીબો દ્વારા જણાવામાં આવ્યુ છે. આ અંગે ભક્તિનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસે ડબલ મર્ડરના આરોપી સાળા-બનેવી પાસે ઘટનાનું રિ-કન્સ્ટ્રકશન કરાવ્યું

## હત્યા બાદ ઘરે ફોન મૂકી ફરાર થયેલા સાળા-બનેવીને ગણતરીના કલાકોમાં ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ ઘટનાનો ભેદ ઉકેલાયો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સામાકાંઠા વિસ્તારમાં આર્યનગરમાં રહેતા બે પરપ્રાંતિય ભાઈઓની સાળાબનેવીએ કરેલી હત્યાના મામલે પોલીસે ગણતરીના કલાકોમાં બન્નેની ધરપકડ કરી હતી. આ અંગે તપાસમાં જાણવા મળ્યું કે, હત્યા કરનાર બન્ને સાળા-બનેવી અને મૃતકને મકાન ભાડે આપનાર મકાન માલીક પોલીસને જાણ કરી ન હોય જેથી આ અંગે પોલીસે મકાન માલીક વિરુદ્ધ જાહેરનામાના ભંગનો ગુનો નોંધ્યો છે. હત્યા કરીને સાળો બનેવી બન્ને મોબાઈલ ઘરે મુકી ભાગી ગયા હોય અને બન્ને રાજકોટ મુકી પોતાના દેશમાં ભાગે તેમ હોય ક્રાઈમ બ્રાંચે ટેક્નિકલ મદદ વિના બન્ને આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી લીધા હતાં. મળતી વિગતો મુજબ સંતકબીર રોડ ઉપર આર્યનગર શેરી નં. ૧/૬ના ખુણે ગોવિંદબાગ સાકમાર્કેટ પાસે દિપકભાઈ નાગજીભાઈ ઉધાડના મકાનમાં ભાડેથી રહેતા મુળ મધ્યપ્રદેશના જબલપુરના



વતની અમિત રાજુ જૈન ઉ.વ.૨૯ અને તેના ભાઈ માઈ વિકી રાજુ જૈન ઉ.વ.૨૬ ઉપર તે જ મકાનમાં ઉપરના માળે ભાળેથી રહેતા મુળ બિહારના છોટુ શંકર ગુપ્તા અને વિજય ગુપ્તાએ છરીના ઘા ઝીંકી દઈ બન્નેની હત્યા કરી હતી. દિપક ઉધાડના મકાનમાં બન્ને ભાડેથી રહેતા હોય અને એક જ મકાનમાં બે પાડોશી વચ્ચે સહિયારા સૌચાલયના ઉપયોગ મામલે ખુની ખેલ ખેલાયો હતો. હત્યા કરનાર સાળો બનેવી મોબાઈલ ઘરે મુકીને ભાગી ગયા હોય જેને પકડવા માટે બીડીવીઝન અને ક્રાઈમ બ્રાંચની ૬ ટીમો કામે લાગી હતી.

બન્નેના મોબાઈલ ઘરે હોય જેથી ટેક્નિકલ રીતે લોકેશન મળવું મુશ્કેલ હતુ અને આ ગંભીર બનાવમાં બન્ને આરોપીઓ હત્યા કરીને પોતાના રાજ્યમાં ભાગી જાય તેવી દહેશતને પગલે ક્રાઈમ બ્રાંચની અલગ અલગ ટીમો કામે લાગી હતી જેમાં બન્ને સાળો બનેવી પોતાનું મોટર સાયકલ લઈને ભાગ્યા હોય જેથી ક્રાઈમ બ્રાંચની ટીમે પીછો કરી અને ગણતરીના કલાકોમાં બન્નેની ધરપકડ કરી હતી. આ મામલે મૃતકના પત્ની અમિનાબેને બીડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# લીવ રીઝર્વના પી.આઈ. કૈલાની સાયબર ક્રાઈમમાં બદલી

■ એ-ડિવિઝનના પીએસઆઈ પરમારને કન્ટ્રોલ રૂમમાં મુકાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના એક પીઆઈ અને પીએસઆઈની આંતરીક બદલીનો હુકમ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ કર્યો છે. જેમાં લીવરિઝર્વમાં રહેલા અગાઉ એસઓજીમાં અને આર્થિક ગુના નિવારણ શાખામાં ફરજ બજાવી ચુકેલા જેએમ કૈલાને સાયબર કાઈમમાં મુકવામાં આવ્યા છે. જ્યારે એ ડિવિજન પોલીસ મથકના પીએસઆઈ પરમારને કન્ટ્રોલમાં મુકવામાં આવ્યા છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ એક પીએસઆઈ અને પીઆઈના આંતરિક બદલીના હુકમ



કર્યા હતાં. અગાઉ એસઓજી તેમજ આર્થિક ગુના નિવારણ સેલમાં ફરજ બજાવી ચુકેલા અને હાલ લિવરિઝર્વમાં રહેલા પીઆઈ જેએમ કેલાને સાયબર કાઈમના સીનીયર છે.

પીઆઈ તરીકેનો ચાર્જ આપવામાં આવ્યો છે. જયારે એડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ પરમારને પોલીસ કન્ટ્રોલરૂમમાં મુકવામાં આવ્યા છે.

# મંડળીના સંચાલકે ઓફિસમાં કામ કરતી યુવતિ પર આચર્યું દુષ્કર્મ

## વૈશાલીનગરમાં આવેલી મેસન ક્લબ ક્રેડિટ સોસાયટીના ચેરમેનને ભાડાકરારની જગ્યાએ મૈત્રીકરાર પર સાઈન લઈ ગુજાર્યું દુષ્કર્મ!

રાજકોટમા મંડળીના ચેરમેને ભાડાકરારની જગ્યાએ મૈત્રીકરાર પર હસ્તાક્ષર લઈ યુવતીની આબરૂ લૂંટી હતી. આ અંગે આખરે યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મુળ બિલખાની અને હાલ સહકારનગર મેઈન રોડ પર ગુલાબનગર-૧માં પીજીમાં રહેતી ૨૭ વર્ષીય યુવતીએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે એક સંબંધી મારફતે તેને રૈયા રોડપર વૈશાલીનગર સોસાયટીમાં આવેલી મેસન ક્લબ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ નામની મંડળીમાં મહિને આઠ હજારના પગારે નોકરી મળી હતી. આ મંડળીનો ચેરમેન પરાગ અનિલભાઈ સોલંકી (ઉ.વ.૪૫) છે જેણે મને નોકરીએ રાખી હતી. હું સવારે ૯:૩૦ વાગ્યાથી સાંજે ૭:૩૦ વાગ્યા સુધી મંડળીની ઓફિસે કામ કરતી હતી. આ પછી પરાગ સોલંકી ધીમે ધીમે યુવતી સાથે મીત્રતા કેળવવા લાગ્યો હતો અને યુવતી કામ કરતી હોય ત્યારે પગ અડાડી ઈશારા કરતો હતો. એક દિવસ ઓફિસમાં કોઈ ન્હોતું ત્યારે પરાગે કહ્યું હતું કે મારે જૂનાગઢમાં મંડળીની બીજી ઓફિસ ચાલુકરવી છે જેમાં ૫૦% હિસ્તો તને આપીશ. તું મને ગમે છે, મારે તારી સાથે લગ્ન કરવા છે, મારે મારી પત્ની સાથે ઝઘડા ચાલે છે એટલે તેને છૂટાછેડાઆપી દેવાના છે. તું મારી સાથે લગ્ન કરીશ? આવું પૂછતાં યુવતીએ લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો. આ ઘટના બન્યા બાદ પરાગે યુવતીને કહ્યું હતું કે તેને મંડળીના કામમાં મકાનમાં ભાડા કરારની જરૂર છે જેથી યુવતી પરાગના મકાનમાં રહે છે તેવો એક ભાડા કરાર કરવો પડશે. ત્યારબાદ પરાગ યુવતીને નોટરી પાસે લઈ ગયો હતો અને એક કરાર પર તેના હસ્તાક્ષર લઈ લીધા હતા. થોડા દિવસ પછી પરાગે કહ્યું હતું કે એ ભાડા કરાર નહીં બલકે મૈત્રીકરાર હતો ! ત્યારપછી પરાગ યુવતીને કાલાવડ રોડ પર બેલવ્યુ રિસોર્ટ ફ્લેટ (કણકોટ)માં લઈ ગયો અને ત્યાંતેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. નોકરી જવાના ડરે યુવતીએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું જેના કારણે પરાગની હિંમત વધી ગઈ હોય યુવતી ઉપર વૈશાલીનગરમાં આવેલા ઘરમાં પણ દુષ્કર્મ ગુજારતાં આખરે યુવતીએ નોકરી છોડી દીધી હતી અને બીજી જગ્યાએ નોકરી કરવા લાગી હતી જ્યાંથી પણ તેને કઢાવી નાખતાં આખરે તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# રતનપર પાસે ટ્રક અકસ્માતમાં ઘવાયેલા ચાલકનું મોત

## ત્રણ દિવસ પૂર્વે કચ્છથી માલ ભરી બિહાર જતી વખતે અન્ય ટ્રક સાથે અથડાતા ઘટના ઘટી હતી

બિહારમાં રહેતો યુવાન પોતાનો ટ્રક લઈને કચ્છથી માલ ભરી પરત ફરી રહ્યો હતો ત્યારે રતનપરના પાટીયા પાસે અન્ય ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ઘવાયેલા ચાલક યુવાને સારવારમાં દમ તોડતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ બિહારમાં રહેતો રોશનકુમાર રંગબદાણી પાલ નામનો ૨૮ વર્ષનો યુવાન ગત તા.૮ ના રોજ સવારના પાંચેક વાગ્યાના અરસામાં પોતાનો ટ્રક લઈને રતનપરના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અજાણ્યા ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં રોશનકુમાર પાલને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન રોશનકુમાર પાલે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં રોશનકુમાર પાલ ચાર ભાઈ ત્રણ બહેનમાં નાનો હતો અને તેને સંતાનમાં એક વર્ષનો પુત્ર છે. રોશનકુમાર પાલ કચ્છથી માલ ભરીને બિહાર જતો હતો ત્યારે રતનપરના પાટીયા પાસે જીવલેણ અકસ્માત નડયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધર્મનગર કવાર્ટરમાં વધુ એક વૃદ્ધનું હૃદયરોગના હુમલાથી મોત

શહેરમાં હૃદયરોગના હુમલાથી વધુ એક જીંદગી થંભી ગઈ હતી. ધર્મનગર આવાસ કવાર્ટરમાં રહેતા વૃદ્ધ રૈયાચોકડી પાસે ઢળી પડતા તેમનું મૃત્યુ નીપજ્યુ હતુ. જણાવા મળતી વિગત મુજબ ધરમનગર આવાસ કક્વાર્ટરમાં રહેતા ચંપકલાલા ચીમનલાલા ઘટાવ (ઉ.વ.૭૫) નામના વૃદ્ધ ગઈકાલે સવારે રૈયાચોકડી નજીક રામેશ્વર હોલ પાસે હતા ત્યારે અચાનક ઢળી પડતા તેમને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે હાર્ટએટેક આવતા અને હેમરેજ થઈ જવાથી મૃત્યુ નીપજ્યાનું જાહેર કર્યા હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રથામિક તપાસમાં મૃતક ચપકલાલ નિવૃત હોવાનુ અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે. આ બનાવથી પરિવારજનોમાં પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

# પોલીસ હેડકવાર્ટર જમાદારના મકાનમાંથી ચોરી કરનાર શખ્સ ઝડપાયો

■ રંગીન મીજાજના પૂર્વ જીઆરડી જવાને પૈસાની જરૂરીયાત ઉભી થતા બે સ્થળે હાથફેરો કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પોલીસ હેડ ક્વાર્ટરમાં જમાદારના મકાનમાંથી રૂ.૨.૯૯ લાખની મત્તાની ચોરી કરનાર તથા રોલેક્ષ રોડ પર સ્કાય એપાર્ટમેન્ટમાં રહેતા યુવાનના મકાનમાંથી રૂ.૧.૮૦ લાખની મત્તા ઉઠાવી જનાર પૂર્વ જીઆરડી જવાનને પ્ર.નગર પોલીસે ઝડપી લીધો હતો.પોલીસે તેની પાસેથી રૂ.૧.૧૫ લાખની રોકડ કબજે લઈ કાર્યવાહી કરી હતી. રેસકોર્ષ પોલીસ હેડ કવાર્ટરમાં મારૂતિનગરમાં રહેતા જમાદારના પુત્ર અભિજીતસિંહ ચુડાસમાએ પ્ર.નગર પોલીસ મથકમાં આરોપી તરીકે ભાઈના મિત્ર રાજ મનીષભાઈ મેંદપરા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે જેમાં તેમને રાજે જમવાના પાસ આપી બંધ ઘરમાંથી રૂ. ૩ લાખની મત્તાનો હાથફેરો કરી ગયાનું જણાવ્યું હતું.જયારે રોલેક્ષ રોડ પર સ્કાય એપાર્ટમેન્ટમાં રહેતા પિન્ટુભાઈ વિનોદભાઈ રાઠોડ નામના યુવાને આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૬/૧૧ ના ઘરમાંથી કુલ રૂ.૧.૮૦ લાખની મત્તા ચોરી થઈ ગઈ હતી.

ચોરીના આ બનાવને પીએસઆઈ આઈ.એ.બેલીમ તથા ટીમે તપાસ હાથ ધરી કોઠારીયા રોડ પર રહેતા રાજ મનીષભાઈ મેંદપરા ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની પૂછતાછ કરતા આ બંને ચોરી તેણે જ કરી હોવાની કબુલાત આપી હતી. આરોપી અગાઉ આજીડેમ પોલીસ સ્ટેશનમાં જીઆરડી તરીકે ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું છે. આરોપી રાજ મેંદપરાને રાજકોટમાં સ્પામાં નોકરી કરતી છત્તીસગઢની યુવતી સાથે પ્રેમ થઈ ગયો હતો. ચોરીના બે બનાવને અંજામ આપ્યા બાદ તે છત્તીસગઢ પ્રેમીકાને મળવા પહોંચી ગયો હતો અને અહીં પ્રેમિકા પાછળ નાણાં ખર્ચી નાખ્યા હોવાની કબુલાત આપી હતી.

# નવા એટીએમમાં પિન જનરેટ કરાવવા ગયેલા વૃદ્ધ સાથે ૩૧ હજારની છેતરપિંડી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મવડીના કૃષ્ણનગર મેઈન રોડ પર આવેલા આરએમસીના બગીચા પાસે રહેતા વિજયભાઈ લક્ષ્મીશંકર -દવે(ઉ.વ. ૬૩) ગઈકાલે નવા એટીએમ કાર્ડમાં પિન જનરેટ કરાવવા માટે મોડી ફાયર બ્રિગેડ પાસે આવેલા એસબીઆઈ બેન્કના એટીએમ માં પહોંચ્યા હતા.જ્યાં પિન જનરેટ કરતા આવડતું ના હોય જેથી ત્યાં હાજર એક અજાણ્યા શકશે એટીએમ માંગી ને જનરેટ કરાવી દેવાની મદદ માંગી હતી.ત્યારબાદ આરોપીએ એટીએમ બદલી નાખી રૂ.૩૧ હજાર ઉપાડી લઈ છેતરપિંડી કરી હોવાનું જાણવા મળતા વિજયભાઈએ માલવીયા પોલિસમાં ફરિયાદ નોંધાવી હતી.

વિજયભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૦ના રોજ પોસ્ટ મારફતે નવુ એ.ટી.એમ. કાર્ડ એસ.બી.આઈ નું આવેલ હોય અને આ એ.ટી.એમ કાર્ડ ને મારે જનરેટ કરાવવાનું હોય તા. ૧૧/૦૨ના બપોરના આશરે બારેક વાગ્યે ને અરસામા હું મવડી ફાયર બ્રિગેડ ની બાજુ મા અલ્કા સો.સા ખાતે આવેલ એસ.બી.આઈ બેંકમાં એ.ટી.એમ ના પીન જનરેટ કરાવવા માટે ગયો હતો અને આ દરમ્યાન ત્યાં મેં બેંક મા કહેલ કે મને એ.ટી.એમનો પીન જનરેટ કરતા આવડતો નથી મારી મદદ માટે આવો જેથી ત્યાં હાજર એક કર્મચારી મારી સાથે એ.ટી.એમ રૂમમા આવ્યો પરંતુ આ કર્મચારી ને અચાનક ફોન આવી ગયો હતો અને તુરતજ તે ફોનમા વાત કરવા માટે બહાર નિકળેલ આ અરસામા ત્યાં પહેલેથી જ એટી.એમ રૂમમા એક ભાઈ હાજર હોય જેથી આ ભાઈ એ મને કહેલ કે તમોને નવા એ.ટી.એમ મા પીન જનરેટ કરવા હોય તો હું તમોને કરી આપુ જેથી મેં મારૂ એ.ટી.એમ કાર્ડ તેને આપેલ અને આ અજાણ્યા ભાઈ એ મને એ.ટી.એમમા પીન જનરેટ કરી આપેલ અને મારા મોબાઈલ મા ઓ.ટી.પી આવેલ અને મેં તેને મારા મોબાઈલમાથી ઓ.ટી.પી દેખાડેલ મને આ અજાણ્યા ભાઈ એ છુટીએ કહેલ કે તમારુ એ.ટી.એમ કાર્ડ જનરેટ થઈ ગયું છે. હવે તમારા પૈસા એ.ટી.એમ માંથી ઉપડશે.

આ દરમ્યાન આ અજાણ્યા ભાઈ ત્યાંથી નિકળી ગયેલ અને મારી પાસે એ.ટી.એમ કે જે આ ભાઈ એ જ નરેટ કરી આપેલ તે એ. ટી. એમ મશિન મા નાખતા એ.ટી.એમ મસીન મા કોઈ પ્રોસેસ થયેલ નહી જેથુ હું તુરતજ બેન્ક મા ગયેલ અને આ દરમ્યાન મારા મોબાઈલમા અલગ અલગ ચાર ટ્રાન્ઝેક્શન થયાના મેસેજ આવ્યા હતા.જેમાં મારા બેન્ક એકાઉન્ટમાંથી રૂ.૩૧૦૦૦/- ઉપડી ગયા હતા અને શંકા જતા મેં બેંક મા તપાસ કરાવેલ તો મને જાણવા મળેલ કે મારૂ એ.ટી.એમ કાર્ડ આ અજાણ્યા ઈસમે લઈ લીધેલ અને તેની પાસે રહેલ અન્ય એ.ટી.એમ કાર્ડ મને આપી અ ને મારુ એ.ટી.એમ કાર્ડ તેની પાસે રાખી અન્ય એ.ટી.એમ માથી કુલ રૂ.૩૧૦૦૦/- વિડ્રો કરી ઠગાઈ કરતા માલવીયા પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી.